**સુવિચાર**

જો બીજાએ તમને ઈજા કરી હોય તો એ ભૂલી જજો, પણ તમે જો કોઈને ઈજા કરી હોય તો એ કદી ભૂલતા નહિં...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




રાજકોટમાં ૨૨ વર્ષથી નિષ્પક્ષ અને નિડરતાથી પત્રકારત્વ ધર્મ નિભાવતા ક્રાઇમ રીપોર્ટરને ખોટા ગુન્હામાં ફીટ કરી દેવાયો P-4

Year-16, Issue-188 ■ DATE : 22-11-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મુખ્યમંત્રીના હસ્તે રૂ.૫૪૫ કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

**૭૦૯ આવાસ ફાળવણીનો ડ્રો કરાયોઃ રજૂઆત કરવા પહોંચેલા એનએસયુઆઇના કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી પોલીસે કરી અટકાયતઃ પ્રદેશ પ્રમુખ નરેન્દ્રસિંહ સોલંકી બેભાન થઇ ગયા**





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહાનગરપાલિકાના રૂ. ૫૪૫ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું. સાથે જ ૭૦૯ આવસોનો ડ્રો અને કોફી ટેબલ બુકનું પણ વિમોચન કર્યું હતું. તે પહેલા રાજકોટની ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરીમાં મુખ્યમંત્રીના હસ્તે રાઈઝિંગ ઓફ રાજકોટ ચિત્ર પ્રદર્શનનું લોકાર્પણ કરાયું હતું. જ્યાં રાજકોટ અને કાઠીયાવાડની ઓળખ સમાન છકડો રાખવામાં આવ્યો હતો.

આ દરમિયાન કોટેચા ચોક ખાતે ના આપઘાત મામલે એ પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીની આગેવાનીમાં ઉગ્ર રજૂઆત કરવાનો પ્રયાસ કરતા પોલીસે કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી, જેમાં પ્રદેશ પ્રમુખ બેભાન થઈ ગયા હતા.

અગાઉ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણી, કલેકટર ઓમપ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનન્દુ સુરેશ ગોવીંદ, મ્યુનિસીપલ કમિશનર તુષાર સુમેરા, નગરપાલિકાઓના પ્રાદેશિક નિયામક મહેશકુમાર જાની, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા તથા પ્રાંત અધિકારી મહેક જૈન વગેરેએ પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુ હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હળવા અંદાજમાં લોકોને પૂછ્યું કે કેટલા વાગ્યાના બેસાડ્યા છે?. ૯ વાગ્યાના બેઠા છીએ સાંભળી એ માફી માંગી હતી. બાદમાં તેમણે જણાવ્યું કે સૌથી વધુ પાણીની વિકટ સ્થિતિ રાજકોટ અને જિલ્લાએ જોઈ છે. કરોડો રૂપિયાના જે કામ થાય છે તેમા સૌથી વધુ કામ પાણી માટેના છે. બિહાર જેવા બિહારને પણ સમજાઈ ગયું છે કે, વિકાસ અને માત્ર વિકાસની જ રાજનીતિ શક્ય છે. ચૂંટણી સમયે વાતો થાય, ત્યારબાદ કામ થયું એટલું થયું ત્યાં સુધીમાં નવી ચૂંટણી આવી જતી હોઈ છે, પરંતુ નરેન્દ્ર મોદીના શાસનમાં પેટર્ન બદલાઈ છે. જે વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અમે કરીએ છીએ તે વિકાસકાર્યોના લોકાર્પણ પણ અમે કરીએ છીએ.

શહેરી વિકાસનું બજેટ ૨૪ હજાર કરોડનું હતું જે વધારી ૩૦ હજાર કરોડનું કર્યું છે. હવે જે કામ આપણે કરીએ છીએ તે ક્વોલિટીવાળું થાય તેના પર ભાર મૂકીએ છીએ. હવે જે આવાસ યોજના બને છે તે પ્રાઈવેટ બિલ્ડરો બનાવે તેવી સરકાર બનાવતી થઈ છે.

## રાજકોટ શહેરી વિકાસ યાત્રા-૨૦ વર્ષની યશોગાથા પ્રદર્શનનો સીએમના હસ્તે શુભારંભ



રાઈઝિંગ ઓફ રાજકોટ ચિત્ર પ્રદર્શનમાં રાજકોટની છેલ્લા ૨૦ વર્ષની શહેરી વિકાસની સફરને રજૂ કરવામાં આવી છે. જેમાં રાજકોટ શહેરના ભવ્ય ભૂતકાળને યાદ કરાવતા અલભ્ય ચિત્રો તેમજ ૨૦૦૫થી ૨૦૨૫ સુધીમાં રાજકોટમાં થયેલા જુદા-જુદા વિકાસકામો ઉપરાંત આગામી સમયમાં રાજકોટમાં ક્યાં-ક્યાં વિકાસ કામો થશે તેના ચિત્રો અને પ્રતિકૃતિઓ જોવા મળશે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૭૪/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૪૭/લીટર |
| CNG | રૂ. ૮૪.૧૭/કિલો |

| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૨૫,૮૯૦ | ₹૧,૬૪,૦૦૦ |
| | -૧૮૬૦ | -3000 |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૯.૬૪ | ₹૧૧૭.૪૬ |

## દક્ષિણ આફ્રિકામાં કેનેડાના વડાપ્રધાન સાથે મુલાકાત કરશે નરેન્દ્ર મોદી



**મુખ્ય સમાચાર, જોહનિસબર્ગ**

દક્ષિણ આફ્રિકામાં શરૂ થયેલ જી-૨૦ દેશોની શિખર પરિષદમાં ભાગ લેવા પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક દેશોના રાષ્ટ્રવડાઓ સાથે પણ દ્વિપક્ષી બેઠકોનો દૌર શરૂ કર્યો છે અને તેઓએ કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની સાથે બેઠક યોજશે. લાંબા સમયથી ભારત અને કેનેડાના સંબંધોમાં તનાવ બાદ હવે સ્થિતિમાં થોડો સુધારો આવ્યો છે પરંતુ હજુ પણ અનેક મુદાઓ પર બંને દેશો વચ્ચે મતભેદો છે .

ખાસ કરીને ખાલીસ્તાની અલગતાવાદીઓને જે રીતે કેનેડામાં શરણ મળે છે તે ભારત માટે સૌથી મહત્વનો મુદો છે અને આ મુદે બંને દેશોના સંબંધો પણ અત્યંત વણસી ગયા હતા. ખાસ કરીને ૨૦૨૩માં ખાલીસ્તાની નેતા નિજ્જરની થયેલી હત્યામાં કેનેડા સરકારે ભારત સરકારની ભૂમિકા હોવાનો આક્ષેપ કરતા મોટો વિવાદ સર્જાયો હતો જોકે હવે કેનેડામાં સત્તા પરિવર્તન થયું છે અને માર્ક કાર્ની કે જેઓ એક બેન્કર છે.

તેઓ અમેરિકી ટેરીફના વાતાવરણ સંદર્ભમાં ભારત સાથે વ્યાપારીક સંબંધો વધારવા આતુર છે હાલમાં જ કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદ ભારતની મુલાકાત લઇ ચુકયા છે અને ભારતના વ્યાપાર મંત્રી પિયુષ ગોયલ પણ વ્યાપારીક સમજુતી મુદે વાતચીત ચલાવી રહ્યા છે તે સંદર્ભમાં બંને દેશોના વડાપ્રધાનો વચ્ચેની મુલાકાત મહત્વની બની રહેશે.

## ભારતમાં બનેલું નેટવર્ક ક્યારેય હિન્દુઓનો નાશ કરી શકશે નહિંઃ મોહન ભાગવત



**મુખ્ય સમાચાર, ઈમ્ફાલ**

મણિપુરના ઈમ્ફાલમાં આરએસએસના વડા મોહન ભાગવતે હિન્દુ ધર્મ વિશે ખુલ્લેઆમ વાત કરી. તેમણે કહ્યું કે ભારતમાં બનેલું નેટવર્ક ક્યારેય હિન્દુઓનો નાશ કરી શકતું નથી. સમય સમય પર હિન્દુઓની ધાર્મિક ઓળખને વિશ્વ સમક્ષ પહોંચાડવી મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું કે દરેક વ્યક્તિએ પરિસ્થિતિઓ સાથે અનુકૂલન સાધવું પડે છે. પરિસ્થિતિઓ બદલાય છે. વિશ્વના દરેક દેશે વિવિધ પરિસ્થિતિઓનો સામનો કર્યો છે. આવી પરિસ્થિતિઓમાં કેટલાક દેશોનો નાશ થયો છે, પરંતુ ભારત એ જ રહે છે.આપણામાં કંઈક એવું છે જે આપણા અસ્તિત્વને લુપ્ત થતું અટકાવે છે.

મોહન ભાગવતે કહ્યું કે સંજોગોને કારણે ગ્રીસ, ઈજિપ્ત અને રોમ જેવા દેશોનું અસ્તિત્વ બંધ થઈ ગયું. તેમણે કહ્યું કે આપણામાં કંઈક એવું છે જે આપણા અસ્તિત્વને લુપ્ત થતું અટકાવે છે. તેમણે કહ્યું કે ભારત એક અમર સમાજ અને સભ્યતાનું નામ છે. બીજા આવ્યા, ચમક્યા અને ગયા. ભારતે તે બધાનો ઉદય અને પતન જોયો છે, પરંતુ ભારત હજુ પણ અસ્તિત્વમાં છે અને અસ્તિત્વમાં રહેશે કારણ કે આપણે એક સામાજિક નેટવર્ક બનાવ્યું છે જે આપણને ટકાવી રાખે છે. આ જ કારણ છે કે હિન્દુ સમાજ હંમેશા અસ્તિત્વમાં રહેશે.

વડાએ સ્પષ્ટતા કરી કે જો હિન્દુઓ નહીં રહે, તો દુનિયા નહીં રહે. હિન્દુ સમુદાય જ ધર્મ નામની આ વસ્તુનું પાલન કરશે અને સમય સમય પર તેને દુનિયાને પહોંચાડશે. આ તેમનું ભગવાને આપેલું કર્તવ્ય છે. કાર્યક્રમ દરમિયાન, મોહન ભાગવતે રાજ્યમાં સામાજિક સંવાદિતા, સભ્યતા એકતા અને લાંબા ગાળાની શાંતિ પર ભાર મૂકતા કહ્યું કે અમે મણિપુર માટે જે શક્ય છે તે કરીશું અને કરી રહ્યા છીએ. તેમણે ઉમેર્યું કે અમે દેશના દરેક ભાગની ચિંતા કરીએ છીએ.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે હિન્દુ ધર્મ અંગે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે આપણે એક મૂળભૂત સામાજિક નેટવર્ક બનાવ્યું છે, અને તેના કારણે જ હિન્દુ સમાજ ટકી રહેશે. જો હિન્દુઓ અસ્તિત્વમાં નહીં રહે, તો વિશ્વ અસ્તિત્વમાં નહીં રહે. ભાગવતે શુક્રવારે કહ્યું, દરેક વ્યક્તિએ પરિસ્થિતિઓનો વિચાર કરવો પડશે. પરિસ્થિતિઓ આવે છે અને જાય છે. વિશ્વના બધા દેશોએ વિવિધ પરિસ્થિતિઓનો સામનો કર્યો છે. કેટલાક દેશો તેમાં નાશ પામ્યા છે. ગ્રીસ, ઈજિપ્ત અને રોમ જુઓ. આપણામાં કંઈક ખાસ છે કે આપણું અસ્તિત્વ ઝાંખું પડતું નથી.

મોહન ભાગવતે કહ્યું, ભારત એક અમર સમાજ, એક અમર સભ્યતાનું નામ છે. બીજા બધા આવ્યા, ચમક્યા અને ગયા. આપણે તે બધાનો ઉદય અને પતન જોયો છે. આપણે હજુ પણ અસ્તિત્વમાં છીએ અને અસ્તિત્વમાં રહીશું કારણ કે આપણે એક મૂળભૂત સામાજિક નેટવર્ક બનાવ્યું છે. તેના કારણે, હિન્દુ સમાજ ટકી રહેશે. જો હિન્દુઓ અસ્તિત્વમાં નહીં રહે, તો વિશ્વ અસ્તિત્વમાં નહીં રહે. તે હિન્દુ સમાજ છે જે સમયાંતરે વિશ્વને ધર્મનો સાચો અર્થ અને માર્ગદર્શન પૂરું પાડે છે. તેમણે કહ્યું કે આ આપણી ઈશ્વરીય ફરજ છે. બ્રિટિશ સામ્રાજ્યનું ઉદાહરણ આપવામાં આવ્યું.

## પ્રી-આઈપીઓમાં મ્યુચ્યુઅલ ફંડ્સના રોકાણ પર સેબીએ મૂકયો પ્રતિબંધ

બજાર નિયમનકાર સેબીએ મ્યુચ્યુઅલ ફંડ્સને પ્રી-IPO (પ્રારંભિક જાહેર ઓફર પહેલાં શેરની ખરીદી અને વેચાણ) માં રોકાણ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. જોકે, તેમને એન્કર રાઉન્ડમાં રોકાણ કરવાની મંજૂરી આપવામાં આવી છે, એમ શુક્રવારે એક સૂત્રએ જણાવ્યું હતું.

બજારમાં લિકવિડીટી વધારવા અને IPO લાવવા માટે કંપનીઓના મૂલ્યાંકનને વધુ પારદર્શક બનાવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.તમને જણાવી દઈએ કે આ મહિને સેબીએ એન્કર રોકાણકારો માટે શેર-ફાળવણીના નિયમોમાં મોટો ફેરફાર કર્યો હતો.

તેનો ઉદ્દેશ્ય મ્યુચ્યુઅલ ફંડ, વીમા કંપનીઓ અને પેન્શન ફંડ જેવા સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ભાગીદારી વધારવાનો હતો. સેબીના ચેરમેન તુહિન કાંત પાંડેએ શુક્રવારે સ્પષ્ટ કર્યું હતું કે બજાર નિયમનકાર ડિજિટલ ગોલ્ડ અથવા ઈ-ગોલ્ડ જેવા ઉત્પાદનોને નિયંત્રિત કરવાનું વિચારી રહ્યું નથી, કારણ કે આ તેના કાર્યક્ષેત્રમાં આવતા નથી.

## દિલ્હીમાં હવા ફરી ઝેરી બનીઃ AQI ૪૩૯ પર પહોંચ્યો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજધાની દિલ્હીમાં આજે શનિવારે હવા ફરી એકવાર ઝેરી બની છે. સવારે AQI ૪૩૯ પર ભયાનક સ્તરે પહોંચ્યો છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર, આ હવાની ગુણવત્તા અત્યંત ખતરનાક માનવામાં આવી રહી છે. જણાવી દઈએ કે, PM૨.૫ સ્તર ૨૯૪ માઈક્રોગ્રામ અને ૧૦ સ્તર ૩૯૦ માઈક્રોગ્રામ સુધી પહોંચ્યું છે.

દિલ્હીમાં આજે લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ ૨૫ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. સવારે અને સાંજે ધુમ્મસ દેખાશે.

પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના જણાવ્યા મુજબ, આગામી ત્રણથી ચાર દિવસ સુધી હવાની ગુણવત્તામાં સુધારો થવાની શકયતા નથી. આ વચ્ચે રાહત એ છે કે, ૨૭-૨૮ નવેમ્બર પછી, પવનની ગતિમાં સુધારો થઈ શકે છે, જે પ્રદૂષિત હવાને ધકેલી શકે છે. તેમની સામાન્ય ગતિ ૧૦-૧૫ કિમી પ્રતિ કલાકથી વધી શકે છે, જે પ્રદૂષિત કણોને આરામથી ધકેલી શકે છે. આ ઉપરાંત, વરસાદની કોઈ આગાહી નથી, તેથી ડિસેમ્બરના પ્રથમ અઠવાડિયા સુધીમાં સંપૂર્ણ રાહતની અપેક્ષા છે.

ગ્રેપ-૩ પછી પણ, રાજધાનીમાં હવા ઝેરી રહી છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે, આ બાળકો, વળદ્ધો અને શ્વસન સમસ્યાઓ ધરાવતા લોકો માટે ખતરનાક છે. તેથી, આવા લોકોએ ઘરની અંદર રહેવું જોઈએ.

નવેમ્બરના છેલ્લા અઠવાડિયા સુધીમાં, ઠંડી વધુ તીવ્ર બનશે. મહત્તમ તાપમાન ૨૬ થી ૨૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે, રાત્રે વધુ ઘટાડો થવાની ધારણા છે. સવારે અને સાંજે ધુમ્મસ હાજર રહી શકે છે, જે વિઝિબિલિટીને અસર કરી શકે છે. પવનની ગતિ ખૂબ જ ધીમી છે, જેના પરિણામે પ્રદૂષિત હવા થશે.

## ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગ્રેટર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ત્રિવિધ કાર્યક્રમો સફળતાપૂર્વક સંપન્ન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં આજરોજ રાજકોટ ખાતે ગ્રેટર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ત્રિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના નવા ભવનના ભૂમિપૂજન બદલ ચેમ્બરને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળના વિકાસની વાત પર ભાર મૂક્યો હતો, જેના કારણે દરેક રાજ્યનો ભરોસો અને વિશ્વાસ કેન્દ્ર સરકાર પર વધ્યો છે. વડાપ્રધાનનું નેતૃત્વ એક ભારત શ્રેષ્ઠ ભારત અને વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરાવવા સક્ષમ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન ''વસુધૈવ કુટુંબકમ''ની ભાવનામાં માને છે અને તેમનો કાર્યમંત્ર સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ રહ્યો છે. વડાપ્રધાનએ મુખ્યમંત્રી તરીકે જ્યારે ગુજરાતના વિકાસની શરૂઆત કરી, ત્યારે માત્ર એક શહેર કે એક ઝોન નહીં, પરંતુ આખા ગુજરાત માટે વિચાર કર્યો હતો. તેમણે સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં વીજળી,રોડ, પાણી અને રસ્તા જેવી પાયાની સુવિધાઓ સુધારવાની શરૂઆત કરાવી હતી. ત્યારબાદ, ૨૦૦૩ માં, વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી, જેથી ગુજરાતને ઔદ્યોગિક ક્ષેત્રે ગ્લોબલ પ્લેટફોર્મ મળી શકે. આજે ગુજરાત તેના ફળ મેળવી રહ્યું છે. દુનિયાની ટોપ ૫૦૦ ઈન્ડસ્ટ્રીયલ કંપનીઓમાંથી ૧૦૦ થી વધારે ગુજરાતમાં સ્થિત છે.

## આધાર કાર્ડમાંથી હવે નામ અને સરનામું તેમજ જન્મ તારીખ દુર કરાશે

### ક્યુઆર કોડના આધારે નવા કાર્ડ લોન્ચ કરવા તૈયારી




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય નાગરિકો માટે આધાર કાર્ડ એ એક જરૂરી દસ્તાવેજમાંથી એક છે. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા હવે આધાર કાર્ડને લઈને મહત્ત્વના ફેરફાર કરવાનો વિચાર કરાઈ રહ્યો છે.

આજના ડિજિડટલ વર્લ્ડમાં આધાર કાર્ડનો વધી રહેલો દુરુપયોગ ઘટાડવા અને ઓફલાઈન વેરિફિકેશનને દૂર કરવા માત્ર ફોટ અને ક્યુઆર કોડ રાખવામાં આવશે. આનો અર્થ એવો થયો કે આધાર કાર્ડ પરથી હવે નામ, સરનામું અને ડેટ ઓફ બર્થ જેવી માહિતી હટાવવામાં આવશે.

આધાર કાર્ડ એ દરેક નાગરિકો માટે ખૂબ જ મહત્ત્વનો દસ્તાવેજ છે. આ બાબતે માહિતી આપતા સંબંધિત અધિકારીએ જણાવ્યું હતું કે ડિસેમ્બર મહિનામાં આધારને લઈને એક મહત્ત્વનો નિયમ અમલમાં મૂકવામાં આવશે.

આ નિયમ અનુસાર હોટેલ, ઈવેન્ટ અને અન્ય જગ્યાઓ પર આધાર કાર્ડની કોપી લઈને ઓફલાઈન વેરિફિકેશન બંધ કરાવવામાં આવશે. આ સાથે સાથે જ એજ વેરિફિકેશનને વધારે કડક બનાવવામાં આવશે.


સૂત્રો દ્વારા આપવામાં આવેલા માહિતી અનુસાર આધાર કાર્ડ પર હાલમાં ફોટોની સાથે સાથે નામ, સરનામું અને ડેટ ઓફ બર્થ જોવા મળે છે. જ્યાં સુધી કાર્ડ પર ડિટેઈલ્સ છપાશે ત્યાં સુધી લોકો તેને જ સાચી માનશે અને તેનો ખોટો ઉપયોગ થઈ શકે છે. આ માટે આધાર કાર્ડ પર ખાલી ફોટો અને એક ક્યુઆર કોડ હોવા જોઈએ.

આધાર એક્ટચ પહેલાંથી જ ઓફલાઈન વેરિફિકેશન અને ફોટો કોપી રાખવા પર રોક લગાવે છે અને તે છતાં કેટલીક હોટેલ્સ, બેંક, ઈવેન્ટ કંપનીઓ આજે પણ આધાર કાર્ડની ફોટો કોપી સ્ટોર કરે છે. હવે યુઆઈડીએઆઈ એવો કાયદો લાવશે કે જેનાથી ફિઝિકલ કોપી વેરિફેશનમાં ઘટાડો થશે અને આધાર માત્ર ક્યુઆર કોડ કે નંબરની મદદથી ઓનલાઈન ઓથેન્ટિકેશન થઈ શકે છે.

આ ઉપરાંત આધાર કાર્ડનો ડોક્યુમેન્ટ તરીકે ઉપયોગ ના થવો જોઈએ. માત્ર નંબર અને ક્યુઆર કોડથી જ વેરિફિકેશન થવું જોઈએ નહીં તો તે ફેક કે બનાવટી હોઈ શકે છે. આ સિવાય યુઆઈડીએઆઈ ટૂંક સમયમાં જ એક એવી એપ લોન્ચ કરશે, જે એમઆધારની જગ્યા લેશે. જે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટના અનુરૂપ બનાવવામાં આવી રહી છે.

## વડોદરામાં કામગીરી દરમ્યાન વધુ એક BLO સહાયકનું મૃત્યુ

### કામગીરી દરમિયાન ઉષાબેન સોલંકી અચાનક ઢળી પડ્યા, સારવાર માટે ખસેડાતાં ડોક્ટરે મૃત જાહેર કર્યા



**મુખ્ય સમાચાર, વડોદરા**

વડોદરા શહેરની પ્રતાપ સ્કૂલમાં બીએલઓ સહાયક તરીકેની કામગીરી કરતા એક મહિલા કર્મચારીનું ફરજ દરમિયાન કરુણ મોત નીપજ્યું છે. BLO સહાયક કામગીરી દરમ્યાન અચાનક ઢળી પડ્યા હતાં. ત્યારબાદ હોસ્પિટલમાં ખસેડાતાં ડોક્ટરે મૃત જાહેર કર્યા છે.

મૃતક મહિલાનું નામ ઉષાબેન ઈન્દ્રસિંહ સોલંકી છે, જેઓ ગોરવા મહિલા આઈટીઆઈખાતે નોકરી કરતા હતા અને આજે સવારે કડક બજારમાં આવેલી પ્રતાપ સ્કૂલમાં ફરજ પર હતા. ઉષાબેન સહાયક કામગીરી કરતાં હતા તે દરમ્યાન અચાનક ઢળી પડ્યા અને ત્યારબાદ સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા જ્યાં તેઓને ડોક્ટરે મૃત જાહેર કર્યા છે.

SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન)માટે બીએલઓની કામગીરી કરી રહેલા ચાર કર્મચારીના ચાર દિવસમાં મોત થયાં છે. જેમાં કોડીનારના શિક્ષક અરવિંદ વાઢેરે કામના દબાણથી ત્રસ્ત થઈને આત્મહત્યા કરી છે. તો તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં સહાયક બીએલઓ તરીકે કામ કરતાં શિક્ષિકા કલ્પનાબેન પટેલનું હૃદયરોગના હુમલા બાદ મૃત્યું થયું છે. આ તરફ અમદાવાદમાં બીએલઓ ફારુક શેખને હૃદયરોગના હુમલા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં સ્ટેન્ટ નાખ્યા બાદ તેમની તબિયત સ્થિર છે. આ ઘટનાઓના પગલે શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે. આ પહેલા ખેડા જિલ્લામાં બીએલઓની કામગીરી કરતા તે દરમિયાન શિક્ષકનું હાર્ટએટેકથી મોત થયું હતું. અને આજે વડોદરામાં BLO સહાયકનું કામગીરી દરમિયાન ઢળી પડવાથી મોત થયું છે. તેને પણ હાર્ટ એટેક આવ્યો હોવાની આશંકા છે. હાલમાં પોસ્ટમોર્ટમ અર્થે મૃતદેહ ખસેડવામાં આવ્યો છે. પીએમ રિપોર્ટ બાદ ખબર પડશે કે મોતનું સાચું કારણ શુ પરંતુ હાલમાં હાર્ટ એટેકની આશંકા છે.

મળતી માહિતી મુજબ, ઉષાબેન સોલંકી મૂળ નર્મદા જિલ્લાના તિલકવાડાના વતની હતા અને હાલમાં વડોદરાના સુભાનપુરા વિસ્તારમાં રહેતા હતા. આ કરુણ ઘટનાથી તેમના સહકર્મીઓ અને પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે. પોલીસે આ અંગે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં કમલમ કાર્યાલયનું ઉદ્દઘાટન






**મુખ્ય સમાચાર, મોરબી**

કચ્છથી હેલિકોપ્ટર દ્વારા મોરબી આવી પહોંચેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શનાળા બાયપાસ નજીક ૨૦ હજાર સ્ક્વેર ફૂટ વિસ્તારમાં નિર્મિત ભાજપ કમલમ કાર્યાલયનું ઉદ્દઘાટન કર્યું હતું. માર્ગમાં વિવિધ સંગઠનોએ તેમનું સ્વાગત કર્યું, જ્યારે સ્ટેજ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ઉદ્દઘાટન પ્રસંગે અમિત શાહે મોરબીની મહેનત, સિરામિક ઉદ્યોગ અને લડાયક સંસ્કૃતિને બિરદાવી હતી. સાથે સાથે નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનો અભિવાદન સમારોહ પણ યોજાયો હતો.

મોરબી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કચ્છથી હેલિકોપ્ટર મારફત મોરબીના રવાપર-ઘુનડા રોડ ઉપર બનાવેલા હેલિપેડ પર આવી પહોંચ્યા હતા. અહીંથી તેઓ કાર મારફત કમલમ કાર્યાલય તરફ ગયા હતા. માર્ગમાં અનેક સંગઠનો દ્વારા પુષ્પવર્ષા અને શુભેચ્છા પાઠવી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કમલમ ખાતે પહોંચ્યા બાદ તેઓએ કાર્યાલયનું નિરીક્ષણ કર્યું અને જીલ્લા ભાજપ ટીમની મહેનતની પ્રશંસા કરી હતી. સ્ટેજ કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતાં ખુરશીઓ ઓછી પડી હોવાથી અનેક લોકો જમીન ઉપર પલાઠી વાળી બેઠા હતા. કાર્યક્રમ દરમ્યાન એક બાળક ગૃહમંત્રી અમિત શાહનો ફોટો ધરાવતી ફ્રેમ બતાવવા લાગતાં ગૃહમંત્રીએ પોતાના ભાષણને થોડા ક્ષણ માટે રોકી તેને બાદમાં ફોટો આપવા કહ્યું અને પોતાના હાથેથી તે ફોટો સ્વીકાર્યો હતો.

કાર્યક્રમમાં ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે જ્યારે અમિત શાહ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ હતા ત્યારે તેમણે દેશના દરેક જીલ્લામાં કમલમ કાર્યાલય બનાવાનો સંકલ્પ લીધો હતો, જેથી કાર્યકરોનું ઘડતર અને પ્રશિક્ષણ અસરકારક રીતે થઈ શકે અને સરકારની યોજનાઓ ઝડપથી લોકો સુધી પહોંચે. આજે ગુજરાતના મોટાભાગના જીલ્લાઓમાં આધુનિક સુવિધાઓથી સજ્જ કમલમ કાર્યાલય ઉભા થયા છે અને મોરબી કમલમ તેમનું ગૌરવ વધારી રહ્યું છે.

મોરબીના કમલમ કાર્યાલયમાં ભોજનાલય, પ્રમુખ-મંત્રીની ચેમ્બર્સ, કોન્ફરન્સ રૂમ, ધારાસભ્ય-સંસદ સભ્યોની ચેમ્બર, લાયબ્રેરી, આઈટી સેલ અને ૩૫૦ કાર્યકરો બેસી શકે તેવું ઓડિટોરિયમ જેવી આધુનિક સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. ઉદઘાટન પ્રસંગે ગૃહમંત્રી અમિત શાહે મોરબીની મહેનત અને લડાયક સંસ્કૃતિની પ્રશંસા કરતાં કહ્યું કે મોરબી પંથક તો લડાયક લોકોનો પ્રદેશ છે. મચ્છુ નદીના જળપ્રલય પછી મોરબી ઝડપથી ફરી ઊભું થઈ દેશભરમાં પ્રેરણા પૂરું પાડ્યું છે. તેમણે જણાવ્યું કે મોરબીના પાટીદાર સમાજે સિરામિક ઉદ્યોગને વતનમાં જ વિકસાવવાનો સંકલ્પ લીધો અને આજે મોરબી વિશ્વનું સૌથી મોટુ સિરામિક હબ તરીકે ઓળખાય છે. સિરામિક હોય કે ઘડિયાળ મોરબીએ દરેક ક્ષેત્રે સૌરાષ્ટ્રનું નામ રોશન કર્યું છે.

અમિત શાહે ઉમેર્યું કે મોરબીનું કમલમ કાર્યાલય હવે દેશભરમાં મોડેલ તરીકે બતાવવામાં આવશે. અત્યાર સુધી તેલંગણાનું કાર્યાલય બતાવતો હતો, હવે મોરબીનું કમલમ તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ભાજપનું કાર્યાલય કાર્યકરો માટે બીજું ઘર છે અને આ કાર્યાલય આધુનિક સુવિધાઓ તથા પરંપરાઓનું સંયોજન ધરાવે છે. રાજકીય સંદેશમાં તેમણે કહ્યું કે બિહારની ચૂંટણીમાં ઘુસપેઠિયાઓના પક્ષમાં ઉભા રહેલા પક્ષોને જનતાએ જવાબ આપ્યો છે. દેશભરમાંથી ઘુસપેઠિયાઓને દૂર કરવાની એનડીએ સરકારની પ્રતિબદ્ધતા છે. તેમણે આગાહી કરી કે આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં પણ કોંગ્રેસના સુપડા સાફ થશે.

આ દરમિયાન ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનો અભિવાદન સમારોહ પણ યોજાયો હતો. બીજી તરફ આમ આદમી પાર્ટીના કેટલાક કાર્યકરો ભાજપનો ખેસ પહેરી છુપા વેશમાં વિરોધ કરવા બેઠા હતા, પરંતુ પોલીસે તેમને ઝડપી પગલા લઈ અટકાયત કરી લીધી હતી. મોરબીના આ ઐતિહાસિક કાર્યક્રમમાં કાર્યકરો અને નાગરિકોની વિશાળ ઉપસ્થિતિ જોવા મળી હતી.

## ઝુલતા પુલ કેસઃ પાસપોર્ટ પરત મેળવવાની જયસુખ પટેલની અરજી કોર્ટમાં રદ

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબીના ઝુલતા પુલ દુર્ઘટના કેસમાં જામીન પર રહેલા જયસુખભાઈ પટેલે પોતાનો પાસપોર્ટ કાયમી પરત મેળવવા કોર્ટમાં માંગણી કરતી અરજી કરી હતી. જે અરજીની સુનાવણીમાં જીલ્લા સરકારી વકીલની અસરકારક દલીલને આધારે મોરબી જીલ્લા સેશન્સ કોર્ટએ આ અરજીને રદ કરી દીધી છે. હાલ પાસપોર્ટ કોર્ટના જ કબ્જામાં રહેશે.

મોરબીની ઝુલતા પુલ દુર્ઘટના કેસમાં એક મહત્વપૂર્ણ કાનૂની હલચલ સામે આવી છે. ૩૦ ઓક્ટોબર ૨૦૨૨ ના રોજ બનેલી આ વિનાશક ઘટનાએ આખા રાજ્ય સહિત દેશમાં ચકચાર મચાવી નાખી હતી, જેમાં ૧૩૫ જેટલા નિર્દોષ લોકોના મોત થયા હતા. પ્રારંભિક તપાસ અનુસંધાને પોલીસ દ્વારા ઓરેવા ગ્રૂપના એમડી અને જવાબદાર તરીકે ગણાતા જયસુખભાઈ પટેલ સહિત કુલ ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ તમામ આરોપીઓને અલગ અલગ શરતોને આધારે જામીન મળ્યા હતા. જયસુખભાઈ પટેલને જામીન મળ્યા ત્યારે કોર્ટની એક મુખ્ય શરત મુજબ તેમનો પાસપોર્ટ કોર્ટમાં જમા રાખવાનો હતો. હાલમાં તેઓ શરતી જામીન પર છે. આ દરમિયાન તેમણે પોતાનો પાસપોર્ટ કાયમી રીતે પરત આપવા માટે મોરબીની ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. આ અરજી પર થયેલી સુનાવણી દરમ્યાન જીલ્લા સરકારી વકીલ વિજયભાઈ જાની દ્વારા મજબૂત અને ધારદાર દલીલો રજૂ કરવામાં આવી હતી. તેમણે કોર્ટને સમજાવ્યું કે કેસ હજી ચાલું છે, તપાસ સંબંધિત પ્રક્રિયાઓ પૂર્ણ થવાની છે અને પાસપોર્ટ પાછો આપવાથી આરોપી વિદેશ ભાગી જવાની શક્યતા નકારી શકાય નહીં.

સરકારી વકીલની આ દલીલોને ધ્યાનમાં લેતાં, મોરબી ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટના જજ પી.વી. શ્રીવાસ્તવએ જયસુખભાઈ પટેલની અરજીને રદ કરી દીધી છે. કોર્ટના આ નિર્ણયથી હવે આરોપીનો પાસપોર્ટ કોર્ટના જ કબ્જામાં રહેશે. જીલ્લા સરકારી વકીલ વિજયભાઈ જાની અનુસાર, પોલીસ તપાસ અને કાનૂની પ્રક્રિયાને સુરક્ષિત રાખવા માટે આ નિર્ણાયક પગલું જરૂરી હતું. આ નિર્ણય ઝુલતા પુલ કેસના આગળના તબક્કામાં પણ મહત્વપૂર્ણ બની શકે છે.

## મોરબી મનપા દ્વારા પ્રાચીન રમતો અન્વયે ધમાલ ગલી કાર્યક્રમનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરની સાંસ્કૃતિક ઓળખને ઉજાગર કરવા અને નવી પેઢીને પરંપરાગત રમતો સાથે જોડવા માટે ૨૩ નવેમ્બરે ધમાલ ગલી પ્રાચીન રમતોનું વિશેષ આયોજન કેસર બાગ ખાતે કરવામાં આવ્યું છે.

મોરબી મહાનગરપાલિકા તરફથી શહેરના નાગરિકોને સંસ્કૃતિ, પરંપરા અને સ્વસ્થ મનોરંજન સાથે જોડવાની દિશામાં નોંધપાત્ર પહેલ હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત આવનાર ૨૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ મોરબી-૨ ખાતે એલ.ઈ. કોલેજ રોડ ઉપર આવેલ કેસર બાગ ખાતે ધમાલ ગલી પ્રાચીન રમતોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મોરબી શહેરની વારસાગત ઓળખને નવી ઊંચાઈ આપી, ખાસ કરીને બાળકો અને યુવાનોને જૂની રમતોનો જીવંત અનુભવ કરાવવાનો છે. આ આયોજનમાં પરંપરાગત રમતોને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે, જેમાં લંગડી, આંધળો પાટો, કોથળા દોડ, ભમરડો, લખોટી, દોરડા કૂદ તેમજ ધમાલિયો જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આજના ડિજિટલ યુગમાં ધીરે ધીરે લુપ્ત થતી આ રમતોને ફરી લોકચેતનામાં લાવવા માટે મહાનગરપાલિકા આ કાર્યક્રમને સમાજ જોડાણનો એક મહત્વપૂર્ણ સ્તંભ માની રહી છે.

મોરબી મહાનગરપાલિકાએ તમામ નાગરિકોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શહેરના સાંસ્કૃતિક વારસાને જાળવવાની આ પહેલને સફળ બનાવવા હાર્દિક અપીલ કરી છે. આગામી ૨૩ નવેમ્બર, રવિવારના દિવસે સવારે ૭.૩૦ વાગ્યે શરૂ થનારા આ કાર્યક્રમમાં દરેક વયના લોકો માટે ઉત્સાહ, મનોરંજન અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળશે.

## મોરબીમાં ભાજપ જિલ્લા કાર્યાલય કમલમના ઉદ્દઘાટનમાં આવેલા અમિત શાહનું વિવિધ એસો.નો દ્વારા પુષ્પવર્ષાથી સ્વાગત

**મુખ્ય સમાચાર, મોરબી**




મોરબી ખાતે કમલમ ભાજપ જીલ્લા કાર્યાલયના ઉદ્દઘાટન પ્રસંગે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિતભાઈ શાહ મોરબી પધાર્યા હતા. શહેરના વિવિધ એસોસિએશનો દ્વારા પુષ્પવર્ષા કરી તેમનું ઉષ્માભર્યું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

મોરબી ખાતે તા.૨૧/૧૧ ના રોજ નવીન ભાજપ જીલ્લા કાર્યાલય કમલમનું ઉદ્દઘાટન કેન્દ્રીય ગૃહપ્રધાન અમિતભાઈ શાહના શુભ હસ્તે યોજાયું હતું. આ અવસરે મોરબી શહેરના ઉદ્યોગજગતમાં ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો. ગૃહપ્રધાન અમિત શાહ મોરબી પધાર્યા ત્યારે શહેરના અગ્રણી એસોસિએશનોએ ભવ્ય સ્વાગત માટે વિશેષ આયોજન કર્યું હતું.

મોરબીના વિવિધ ઉદ્યોગિક એસોસિએશનોએ સંયુક્તરૂપે પુષ્પવર્ષા કરીને અને પરંપરાગત આગવી શૈલીમાં આવકાર આપી તેમની પ્રતિષ્ઠાને વધારી હતી. સ્વાગત કરતી એસોસિએશનમાં ખાસ કરીને મોરબી સિરામિક પરિવાર, મોરબી બિલ્ડર એસોસિએશન, મોરબી પેકેજિંગ એસોસિએશન, પેપર મિલ એસોસિએશન, મોરબી સિરામિક ટ્રેડર્સ એસોસિએશન, મોરબી સિરામિક મિનરલ પરિવાર, મોરબી લેમિનેટ્સ પરિવાર, વાંકાનેર ચેમ્બર ઓફ કોમર્સ, પોલિ-પેક એસોસિએશન સહિત અનેક અન્ય વેપારી અને ઉદ્યોગિક સંગઠનોનો સમાવેશ થતો હતો. આ તમામ સંસ્થાઓએ ગૃહપ્રધાનના આગમનને ઐતિહાસિક ક્ષણ ગણાવતાં પુષ્પવર્ષા દ્વારા સન્માન વ્યક્ત કર્યું હતું. મોરબીના ઉદ્યોગજગત અને નાગરિકોમાં આ પ્રસંગને લઈને વિશેષ ઉજાસ અને ગૌરવની લાગણી જોવા મળી હતી.

## જામનગર જિલ્લાના ૯૯,૩૧૪ ખેડૂતોને રૂ.૧૯ કરોડથી વધુની સહાય પ્રાપ્ત થઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા કોઈમ્બતુર, તામિલનાડુ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૧મો હપ્તો દેશભરના ખેડૂતો માટે રિલીઝ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે ગુજરાત રાજ્ય કક્ષાનો કાર્યક્રમ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ટાઉન હોલ, સેક્ટર-૧૭ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ રાજ્યભરમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, એપીએમસી, પીએમ કિસાન સમૃદ્ધિ કેન્દ્રો અને ગ્રામ્ય કક્ષાએ ખેડૂતો નિહાળી શકે તે માટે વિસ્તૃત આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનના ભાગરૂપે, જામનગર જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા લાલપુર તાલુકાના સિંગજ ગામે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં સ્થાનિક ખેડૂતોએ કાર્યક્રમ નિહાળ્યો હતો. આ ઉપરાંત, જિલ્લાની વિવિધ ગ્રામ પંચાયતો અને સહકારી મંડળીઓ ખાતે પણ બહોળી સંખ્યામાં ખેડૂતોએ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળીને સરકારી યોજના પ્રત્યે પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

આ ૨૧મા હપ્તાના વિતરણના ભાગરૂપે જામનગર જિલ્લાના કુલ ૯૯,૩૧૪ ખેડૂતોને સીધો લાભ મળ્યો હતો. ખેડૂતોના બેંક ખાતામાં કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત કુલ રૂ. ૧૯ કરોડથી વધુની સહાય જમા કરવામાં આવી છે. સરકારની આ સમયસરની નાણાકીય સહાય ખેડૂતોને ખેતી ખર્ચમાં રાહત આપવામાં અને તેમની આર્થિક સ્થિતિને વધુ મજબૂત બનાવવામાં મદદરૂપ થઈ છે.

## જામનગર ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રિલ સફળતાપૂર્વક સંપન્ન





**મુખ્ય સમાચાર, જામનગર**

ભારત સરકારના નેશનલ ડિઝાસ્ટરમેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (GSDMA)ના સંયુક્ત ઉપક્રમે જિલ્લા વહીવટી તંત્ર, જામનગર દ્વારા ખાનગી રિફાઈનરી ખાતે આયોજિત રાષ્ટ્રીય કક્ષાની ફાયર ડિઝાસ્ટર મેનેજમેન્ટ મોકડ્રિલ સફળતાપૂર્વક સંપન્ન થઈ છે. આ ડ્રિલમાં જિલ્લા વહીવટી તંત્રની સંકટના સમયે ઝડપી અને અસરકારક પ્રતિભાવ આપવાની ક્ષમતાનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું. ખાનગી રિફાઈનરીના ટેન્ક ફાર્મમાં આગ લાગવાની કાલ્પનિક પરિસ્થિતિને અનુલક્ષીને આ ડ્રિલ યોજાઈ હતી જેનો મુખ્ય ઉદ્દેશ વહીવટીતંત્ર, ઉદ્યોગ અને વિવિધ સુરક્ષા એજન્સીઓ વચ્ચેના સંકલન અને સહકારની સજ્જતા ચકાસવાનો હતો.દિલ્હી સ્થિત નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ઉચ્ચ અધિકારી આદિત્યકુમાર અને તેમની ટીમે સમગ્ર ડ્રિલ દરમિયાન ઉપસ્થિત રહી હતી.આ કવાયતમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના સંબંધિત વિભાગો, ભારતીય સેનાની ત્રણેય પાંખ, કોસ્ટ ગાર્ડ, NDRF, SDRF અને અન્ય સુરક્ષા એજન્સીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો.ડ્રિલ દરમિયાન તમામ વિભાગોએ આફતની પરિસ્થિતિમાં અસરકારક પ્રતિભાવ, ત્વરિત બચાવ કામગીરી અને પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટેની કવાયત હાથ ધરી હતી જે ખૂબ જ સફળ રહી હતી.ગાંધીનગર સ્થિત સ્ટેટ ડિઝાસ્ટર કંટ્રોલ યુનિટ ખાતેથી અગ્ર સચિવ જયંતિ રવિ તેમજ રાહત કમિશનર આલોક પાંડેએ તંત્રને સતત માર્ગદર્શન પૂરું પાડ્યું જ્યારે ડીઝાસ્ટર કંટ્રોલ રૂમ જામનગર ખાતેથી જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ તથા સંલગ્ન વિભાગોના અધિકારીઓએ ઉપસ્થિત રહી સમગ્ર ડ્રિલનું સંકલન કર્યું હતું. સાથે જ ખાનગી રિફાઈનારી ખાતે નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર તથા લાલપુર પ્રાંત અધિકારી સંજયસિંહ અસવારે ઈનસીડન્ટ કમાન્ડર તરીકેની ફરજો બજાવી હતી.મોકડ્રિલના સફળ સમાપન બાદ જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે સંતોષ વ્યક્ત કરતાં જણાવ્યું કે, આ મોકડ્રિલ દ્વારા જિલ્લા વહીવટી તંત્રની કોઈપણ પ્રકારના ડિઝાસ્ટરને પહોંચી વળવાની ક્ષમતા પુરવાર થઈ છે. અમારા વહીવટી તંત્રની સજ્જતાની આ કસોટી સફળ રહી છે, અને અમે જિલ્લાના નાગરિકોના હિત માટે કોઈપણ આફતને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છીએ.તેમણે ઉમેર્યું કે, વર્ષ ૨૦૧૯ પછી યોજાયેલી આ રાષ્ટ્રીય કક્ષાની ડ્રિલ અમારા માટે એક મહત્વપૂર્ણ અનુભવ બની રહી છે, જે આગામી સમયમાં આપત્તિ વ્યવસ્થાપનને વધુ મજબૂત બનાવવ-ામાં મદદરૂપ થશે. આ સફળ મોકડ્રિલ એ દર્શાવે છે કે જામનગર જિલ્લા વહીવટી તંત્ર કોઈપણ મોટા ઔદ્યોગિક કે રાસાયણિક અકસ્માતનો સામનો કરવા માટે માત્ર તૈયાર જ નથી, પણ વિવિધ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરીય એજન્સીઓ સાથે ઉત્તમ સંકલન કરવાની ક્ષમતા પણ ધરાવે છે.

## વાંકાનેરના મહીકા ગામમાં ખેતરના વિવાદે અથડામણ, ઝેર પીવાથી એક કિશોરનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના મહીકા ગામે ખેતર વચ્ચે લોડર ચલાવવાના વિવાદથી બોલાચાલી, મારામારી અને ધમકીઓ સુધી બાબત પહોંચી હતી. જે બાબતે ત્રણ યુવાનો ઉપર ધોકા લઈને હુમલો થવાની ભીતિ સર્જાતા તેઓએ ઝેરી દવા પી લીધી હતી, જેમાં ૧૬ વર્ષીય સગીરનું સારવાર દરમ્યાન મૃત્યુ નીપજ્યું હતું. હાલ સમગ્ર બનાવ અંગે મૃતકના કાકા દ્વારા પાંચ આરોપીઓ સામે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, વાંકાનેર તાલુકાના મહિકા ગામે રહેતા વિનોદભાઈ ધરમશીભાઈ બાંભણીયાએ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આરોપી ગોબરભાઈ ભરવાડ રહે. સમઢીયાળા તા.વાંકાનેર, વિઠ્ઠલભાઈ મોતીભાઈ ચાવડા, વિઠ્ઠલભાઈનો દીકરો ભરતભાઈ બન્ને રહે.કોઠી ગામ તા.વાંકાનેર તથા આરોપી હનીફભાઈ તથા હેમેશભાઈ પટેલ રહે.બન્ને મહિકા ગામ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, વાંકાનેર તાલુકાના મહીકા ગામે ખેતર વચ્ચે લોડર કાઢવા મુદ્દે આરોપી ગોબરભાઈ ભરવાડ તથા તેમના સાથીઓ અને ફરિયાદીના દીકરાઓ વચ્ચે ગંભીર ઝગડો થયો હતો. ઝગડામાં કલ્પેશભાઈ અને યશભાઈને ઢીકા-પાટુનો માર મારવામાં આવતા બંનેને મુંઢ ઈજાઓ થઈ હતી. બાદમાં પાંચેય આરોપીઓ ધોકા લઈને ફરી પાછા હુમલો કરવા આવી રહ્યા હોવાથી મારી નાખવાની ભીતિએ ત્રણેય યુવકોએ વાડામાં પડેલી રીંગણાં ના પાકમાં નાખવાની ઝેરી દવા પી લીધી હતી. જેથી ત્રણેયને તાત્કાલિક વાંકાનેર પછી રાજકોટ સારવારમાં ખસેડાયા હતા. સારવાર દરમ્યાન ફરિયાદીના ભાઈનો દીકરો યશભાઈ ઉવ.૧૬નું મોત નિપજ્યું હતું, જ્યારે બંને દીકરાઓ બેભાન હાલતમાં સારવાર હેઠળ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પંદર દિવસથી જમીન ખાલી કરવાની ધમકીઓ આપતા આરોપીઓ દ્વારા સતત મનદુઃખ ચાલી રહ્યું હતું, જેને કારણે પરિસ્થિતિ વધુ બગડી હોવાનું પણ પરિવાર દ્વારા નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું. હાલ વાંકાનેર તાલુકા પોલીસે પાંચેય આરોપી તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાંકાનેરના મિલ પ્લોટમાં રહેણાંકની છત ઉપરથી વિદેશી દારૂની ૩૭ બોટલ ઝડપાઈ, આરોપી ફરાર

વાંકાનેર સીટી પોલીસને બાતમી મળેલ કે, આરોપી મોહીન ઉર્ફે મોંટી ઉસમાનભાઈ હાલા પોતાના મિલ પ્લોટ ડબલ ચાલી વિસ્તારમાં આવેલ મકાનની છત ઉપર વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે, જેથી તુરંત ઉપરોક્ત સ્થળે પોલીસે રેઈડ કરતા વિદેશી દારૂની ૩૭ બોટલ કિ.રૂ.૪૮,૧૦૦/-મળી આવી હતી. દરોડા દરમિયાન આરોપી મોહીન ઉર્ફે મોંટી ઉસમાનભાઈ હાલા હાજર મળી નહીં આવતા પોલીસે તેને ફરાર દર્શાવી તેને પકડી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## વાંકાનેર જીનપરા જકાતનાકા નજીક ટ્રક હડફેટે બાઈક સવાર દંપતી ખંડિત, મહીલાનું મૃત્યુ

### હિટ એન્ડ રનની ઘટનામાં ટ્રક ચાલકની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર-મોરબી નેશનલ હાઈવે ઉપર વધુ એક માર્ગ અકસ્માતની ઘટનામાં પ્રૌઢ દંપતી ખંડિત થયું છે. જેમાં જીનપરા જકાતનાકા નજીક બનેલ અકસ્માતની ઘટનામાં ટ્રકના ચાલકે પોતાનો ટ્રક ગફલતભરી રીતે ફૂલ સ્પીડમાં ચલાવી બાઇકને હડફેટે લેતા, બાઇક ચાલક પતિને ગંભીર ઈજાઓ પહોંચી હતી જ્યારે પાછળની સીટ ઉપર બેસેલ પત્નીને માથા અને શરીરે ઈજાઓ પહોચતા ઘટના સ્થળે તેણીનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જી ટ્રક ચાલક પોતાનો ટ્રક લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો.

મળતી વિગતો મુજબ, વાંકાનેરના વેલનાથપરામાં રહેતા મૂળ હસનપર ગામના વતની ભરતભાઇ પ્રવીણભાઈ સારલા ઉવ.૩૧ એ વાંકાનેર સીટી પોલીસ મથકમાં આરોપી ટ્રક રજી.નં. જીજે-૧૧-વાય-૯૪૬૬ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૧૯/૧૧ ના રોજ ફરિયાદીના માતા શારદાબેન અને પિતા પ્રવીણભાઈ પોતાનું બજાજ ડિસ્કવરી મોટર સાયકલ રજી.નં. જીજે-૦૩-ઈએમ-૦૬૬૮ લઈને વાંકાનેરથી હસનપર જી રહ્યા હતા ત્યારે વકાબેર-મોરબી નેશનલ હાઈવે જીનપરા જકાતનાકે પહોચતા જ્યાં રોડ ઉપર ફૂલ સ્પીડમાં અને બેદરકારીથી ચલાવીને આવતા ટ્રકે મોટર સાયકલને હડફેટે લેતા મોટર સાયકલ સવાર શારદાબેનને ગંભીર ઈજાઓ પહોચતા તેમનું મૃત્યુ નટપજ્યું હતું. જ્યારે બાઇક ચાલક પ્રવિણભાઈને પ્રથમ મોરબી બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માત સર્જી ટ્રક ચાલક પોતાનો ટ્રક લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો. હાલ વાંકાનેર સીટી પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બાઈક ચોરીનો ભેદ ઉકેલતી સિક્કા પોલીસ

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર જીલ્લામાં વાહન ચોરીના બનતા બનાવોને અટકાવવા તેમજ અન્ડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક રવિ મોહન સૈની તથા લાલપુર વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક પ્રતીભાના માર્ગદશન મુજબ સિકકા પો.સ્ટે.ના પો.ઈન્સ. જે.જે.ચાવડાની સુચના મુજબ સિક્કા પોલીસ સ્ટેશનના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.હેડ કોન્સ. જયપાલ મેર તથા પો.કોન્સ. જીતેન્દ્રભાઇ પરમાર તથા રોહીતભાઇ ભાટીયા નાઓને સયુંક્ત રીતે ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે, જામનગર સીટી સી ડીવીઝન પોલીસ સ્ટેશન પાર્ટ- A ગુ.ર.નં.૧૧૨૦૨૦૦૨૨૪૧૭૪૧/૨૦૨૪ ભારતીય ન્યાય સહીતાની કલમ ૩૦૩(૨) મુજબના કામે ચોરીમાં ગયેલ બ્લેક કલરનુ હોન્ડા સ્પલેનડર પ્લસ મોટરસાઇકલ રજી. નંબર GJ-10-CR-7392 વાળુ લઇને એક ઇસમ જામનગર સીક્કા જેટી પાસેથી નીકળવાનો છે જે હકિકત આધારે વોચ ગોઠવી આરોપી નજીરહુશેન ઉર્ફે ડાડો ઉમરભાઈ સંધાર ઉ.વ.૨૨ રહે. માધાપર ભુંગા, મસ્જીદની પાસે જામનગર વાળાઓને ચોરીનુ બ્લેક કલરનું હોન્ડા સ્પલેનડર પ્લસ મોટરસાઇકલ જેની આગળ પાછળ નંબર પ્લેટ ન હોય જેના ચેસીસ નંબર MBLHAR080JSD15236 તથા એન્જીન નંબર HA10AGJSD26538ના આધારે મો.સા.ના રજી. નંબર માટે પોકેટકોપ મોબાઇલ એપ્લીકેશનમાં તથા સી-ટ્રેક એપ્લીકેશનમાં સર્ચ કરતા રજી. નંબર GJ-10-CR-7392 ના હોવાનુ જાણવા મળતા જે મો.સા બાબતે આરોપીઓની પુછપરછ કરતા આજ થી આશરે એક વર્ષ પહેલા રાત્રીના સમયે જામનગર સાત રસ્તા પાસેથી પુલ નીચેથી ચોરી કરેલ હોવાનું જણાવતા આ અંગે સીટી સી ડીવી. પો.સ્ટે. ભાગ ગુ.ર.નં. ૧૧૨૦૨૦૦૨૨૪૧૭૪૧/૨૦૨૪ ભારતીય ન્યાય સહીતાની કલમ ૩૦૩(૨) તા.૨૧/૦૯/૨૦૨૫ થી ગુનો નોંધાયેલ હોય જેથી સદર મો.સા.ની કિ.રૂ. ૩૦,૦૦૦ગણી ચોરીમા ગયેલ મો.સા રીકવર કરી તેઓના વિરુધ્ધ પો.હેડ.કોન્સ. જે.ડી.મેર એ કાર્યવાહી કરી. આગળની કાર્યવાહી થવા સીટી સી ડીવીઝન પોલીસ સ્ટેશનને જાણ કરેલ છે.આ કાર્યવાહી સિક્કા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.જે.જે.ચાવડા તથા પો.હેડ.કોન્સ.જે.ડી.મેર તથા પો.કોન્સ. પો.કોન્સ. જીતેન્દ્રભાઇ કાંતીભાઇ પરમાર તથા રોહીતભાઇ નારણભાઈ ભાટીયા વિગેરેનાઓએ કરેલ છે.

# રાજકોટ શહેર અને ગ્રામ્ય કક્ષાની ''બાળ પ્રતિભા શોધ'' સ્પર્ધા યોજાશે

## ૭ થી ૧૩ વર્ષ સુધીના બાળકો વકતૃત્વ, નિબંધ,સમુહગીત સહિતની સ્પર્ધાઓમાં ભાગ લઇ શકશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, દ્વારા જિલ્લાકક્ષાની ''બાળ પ્રતિભા શોધ'' સ્પર્ધા યોજાશે, જેમાં જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા અને રાજયકક્ષાનું ક્રમશ આયોજન કરવામાં આવશે. આ સ્પર્ધામાં ૧. વકતૃત્વ, ૨. નિબંધ, ૩. સર્જનાત્મક કારીગરી, ૪. લગ્નગીત, ૫. લોકવાદ્ય સંગીત, ૬. એકપાત્રીય અભિનય, ૭. દોહા-છંદ-ચોપાઈ, ૮. લોકવાર્તા, ૦૯. લોકગીત, ૧૦. ભજન, ૧૧. સમુહગીત, ૧૨. લોકનૃત્ય સહિતની ઈવેન્ટમાં ૦૭ વર્ષથી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓ તથા બિન-વિદ્યાર્થી બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધા ત્રણ વિભાગમાં યોજવામાં આવશે. (૧)''અ'' વિભાગ- ૦૭ વર્ષ થી ૧૦ વર્ષ સુધીના બાળકો માટે (૨)''બ'' વિભાગ - ૧૦ વર્ષ થી ૧૩ વર્ષના બાળકો માટે (૩)''ખુલ્લો વિભાગ'' વિભાગ ૦૭ વર્ષ થી ૧૩ વર્ષનાં બાળકો માટે. ઉંમર માટે તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિને ધ્યાને લેવામાં આવશે.

જેમાં રાજકોટ શહેર અને ગ્રામ્યકક્ષાનાં બાળ કલાકારોએ નિયત નમૂનાનું અરજી ફોર્મ સંપૂર્ણ વિગતે ભરીને આધારકાર્ડની નકલ સાથે ''જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, રાજકોટ, ૫/૫, બહુમાળી ભવન, રેસકોર્ષ રોડ, રાજકોટ ખાતે તા.૧૦/૧૨/૨૦૨૫ના રોજ બપોરે ૧૨ કલાક સુધીમાં રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાનું રહેશે. નિયત સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. તેમ રાજકોટના જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરાની યાદીમાં જણાવાયું છે.

# રાજયકક્ષાની રાસ ગરબા સ્પર્ધાનું યજમાન રાજકોટ બનશે

## તા.૨૫થી ૨૮ નવેમ્બર સુધી જિલ્લાઓના પ્રથમ ક્રમાંક વિજેતાઓ રાસ ગરબાની રમઝટ બોલાવશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના અર્વાચીન, પ્રાચીન ગરબા તથા રાસની રાજયકક્ષાની સ્પર્ધાનું યજમાન રાજકોટ શહેર બનશે. તા.૨૫/૧૧/૨૦૨૫થી તા.૨૮/૧૧/૨૦૨૫ સુધી બપોરે ૦૨.૦૦થી રાત્રે ૦૮.૦૦ કલાક સુધી રાજકોટના ટાગોર માર્ગ સ્થિત હેમુ ગઢવી નાટ્યગૃહ ખાતે ગુજરાતના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા રાજ્યાકક્ષાની રાસ ગરબા સ્પર્ધાનું આયોજન થશે. જેમાં ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાંથી પ્રથમ ક્રમે વિજેતા થયેલ અર્વાચીન ગરબા,પ્રાચીન ગરબા અને રાસ સ્પર્ધાની ટીમો રાજ્યકક્ષા રાસ-ગરબા સ્પર્ધામાં ભાગ લેશે.

તા.૨૫/૧૧/૨૦૨૫ના રોજ વડોદરા શહેર, બનાસકાંઠા, વલસાડ, નવસારી, ભરૂચ, મોરબી, સુરેન્દ્રનગર (પ્રાચીન અને અર્વાચીન ગરબા), ડાંગ, જુનાગઢ શહેર (રાસ અને અર્વાચીન ગરબા) સહિતના જિલ્લાઓ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. તા.૨૬/૧૧/૨૦૨૫ના રોજ પાટણ, મહેસાણા, નર્મદા, તાપી, વડોદરા ગ્રામ્ય, બોટાદ, અમરેલી, રાજકોટ ગ્રામ્ય, આણંદ, જામનગર ગ્રામ્ય, ગાંધીનગર ગ્રામ્ય, ગાંધીનગર શહેર સહિતના જિલ્લાઓ સ્પર્ધામાં ભાગ લેશે. તા.૨૭/૧૧/૨૦૨૫ના રોજ કચ્છ-ભુજ, સુરત શહેર, સુરત ગ્રામ્ય, છોટાઉદેપુર, ખેડા, પંચમહાલ, ગાંધીનગર શહેર, મહિસાગર, રાજકોટ શહેર (રાસ અને પ્રાચીન ગરબો), ગીર સોમનાથ, દેવભુમિ દ્વારકા, સુરેન્દ્રનગર (રાસ) સહિતના જિલ્લાઓ સ્પર્ધામાં ભાગ લેશે. તા.૨૮/૧૧/૨૦૨૫ના રોજ સાબરકાંઠા, અરવલ્લી, અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, જુનાગઢ ગ્રામ્ય, જામનગર શહેર, દાહોદ, ભાવનગર શહેર, ભાવનગર ગ્રામ્ય, પોરબંદર, જુનાગઢ શહેર (પ્રાચીન ગરબો), રાજકોટ શહેર(અર્વાચીન ગરબો) સહિતના જિલ્લાઓ સ્પર્ધામાં ભાગ લેશે. આ હરીફાઈમાં ભાગ લેનાર ખેલૈયાઓને પ્રોત્સાહિત કરવા રાજકોટની જનતાને પધારવા તથા સ્પર્ધા નિહાળવા રાજકોટ જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# જામનગરમાં ફ્લાય ઓવરબ્રિજનું હવે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ૨૪ નવેમ્બરે લોકાર્પણ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના નજરાણા સમાન સૌરાષ્ટ્રના સૌથી વધુ લંબાઈના ફ્લાય ઓવર બ્રિજનું આગામી તા. ૨૪ અને સોમવારના રાજ્યના મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવનાર છે.જામનગરમાં આશરે સવા બસ્સો કરોડના ખર્ચે સૌરાષ્ટ્રના સૌથી વધુ લંબાઈના ફ્લાય ઓવર બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું જે, જેનું લોકાર્પણ આગામી તા. ૨૪ અને સોમવારે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવશે. આ માટે સવારે ૧૦-૩૦ કલાકે ધન્વન્તરિ હોલમાં કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો છે.આ બ્રિજ નિર્માણની કામગીરી ૧૮-૮-૨૦૨૧ ના શરૂ કરવામાં આવી હતી અને ૩૧-૧૦-૨૦૨૫ ના કામગીરી પૂર્ણ થઈ હતી.આ બ્રિજની લંબાઈમાં કુલ ૬૧ ગાળા છે. ૧૨૦૦ થી વધુ નાના-મોટા વાહનો પાર્ક થઈ શકે તેવી વ્યવસ્થા છે. ઉપરાંત પે એન્ડ યુઝ, બેઠક વ્યવસ્થા, ફૂડ ઝોન વિગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે.

હાલ આ બ્રિજ નીચે સાત રસ્તા સર્કલમાં ટ્રાફિક બ્યુટીફિકેશન કરવામાં આવ્યું છે તથા સમગ્ર બ્રિજને રોશનીના શણગાર કરવામાં આવ્યા છે.આ ઉપરાંત પાઈપલાઈન, એસ.ટી.પી., સીવર કલેક્શન પાઈપલાઈન, સિવિક સેન્ટર વિગેરે રૂ. ૪૧૭ કરોડના કામો તથા ૬૨ કરોડના ખર્ચવાળા મેડિકલ કોલેજના યુ.જી. ગર્લ્સ હોસ્ટેલના કામનું પણ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ થશે. આ માટે મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી, સિટી ઈજનેર ભાવેશ જાની સહિતની ટીમ તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યા છે.

# રાજનગરચોક પાસે વૃધ્ધાના ગળામાંથી સોનાની માળાની ચીલઝડપ કરનાર સમડી ઝડપાઇ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નાનામોવા રોડ પર રાજનગર ચોક પાસે ચાલીને જતા વૃધ્ધાના ગળામાંથી સોનાની રૂદ્રાક્ષની માળાની ચીલઝડપ કરનાર સમડીને ક્રાઈમ બ્રાન્ચની ટીમે દબોચી લઇ ૪ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ એ.એન.પરમાર, એસ.વી.ચુડાસમા, હેડ કોન્સ. હરસુખભાઇ, કૃષ્ણદેવસિંહ, કિશનભાઇ, મહાવિરસિંહ જાડેજા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમીના આધારે જય નરેશ વાઘેલા (રહે.સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, અંબિકા ટાઉનશીપ)ને દબોચી લઇ આકરી પુછપરછ કરતા આ શખ્સે અગાઉ રાજનગર ચોક પાસે સોસયટીમાં ચાલીને જતા વૃધ્ધાના ગળામાંથી રૂ.૩.૫૦ લાખની સોનાની રૂદ્રાક્ષની માળા ચીલઝડપ કરી હોવાની કબુલાત આપતા પોલીસે બાઇક, મોબાઇલ, રોકડ અને સોનાની માળા મળી કુલ રૂ.૪.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# જામનગરમાં રીક્ષા ચાલકનો લોનના હપ્તા ચડી જતા ઝેર પી લઈ આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક મોટી ખાવડી વિસ્તારના ગાગાવા ધાર પાસે રહેતા અને રીક્ષા ચલાવતા ખીમાભાઈ હીરાભાઈ સંજોટ નામના ૫૦ વર્ષના રિક્ષા ચાલકે ગત ૨-૧૧-૨૦૨૫ ના દિવસે પોતાના ઘેર ઝેરી દવા પી લઇ આપઘાતનો પ્રયાસ કરતાં તેને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયો હતો, ત્યાં સારવાર દરમિયાન ગઈકાલે તેનું મૃત્યુ નીપજ્યું છે. આ બનાવ અંગે મૃતકના મોટાભાઈ રામાભાઈ હીરાભાઈ સંજોટે પોલીસને જાણ કરતાં મેઘપરના પોલીસ હેડ કોન્સ્ટેબલ એ.એચ.નોઈડા જીજી હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.મૃતકે લોન ઉપર સીએનજી રીક્ષા લીધી હતી, જેના હપ્તા ચડી ગયા હતા, અને ચુકવી નહીં શકતાં તેની ચિંતામાં આપઘાતનું પગલું ભરી લીધું હોવાનું પોલીસ સમક્ષ જાહેર થયું છે.

# ૨૩ નવેમ્બરની ઓખા--ભાવનગર એક્સપ્રેસ ઓખાથી ૨ કલાક મોડી ઉપડશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલ પ્રશાસન દ્વારા જામનગર અને લાખાબાવળ વચ્ચે સ્થિત બ્રિજ નંબર ૩૫૯ પર નવા આરસીસી બોક્સ ના નિર્માણ માટે ૨૩ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ એન્જિનિયરિંગ બ્લોક લેવામાં આવશે. આ બ્લોકના કારણે ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસ, તારીખ ૨૩-૧૧-૨૦૨૫ ના રોજ ઓખાથી તેના નિયમિત સમય ૧૫૧૫ વાગ્યાના બદલે ૨ કલાક મોડી એટલે કે ૧૭૧૫ વાગ્યે ઉપડશે. આ ઉપરાંત, આ ટ્રેનને જામનગર-લાખાબાવળ બ્લોક સેક્શનમાં માર્ગમાં ૩૦ મિનિટ વધારાનો સમય રોકવામાં આવશે.

ટ્રેનના સંચાલન સંબંધિત અપડેટ્સની નવીનતમ માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ અવલોકન કરી શકે છે.

# પર્યાવરણ સંરક્ષણના આશયથી રાયગઢના યુવાનનું સાયકલ ઉપર દેશવ્યાપી ભ્રમણ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની આઈટીઆઈની મુલાકાતે આવ્યા હતા.દેશભરમાં પર્યાવરણના સંરક્ષણ માટે સાયકલ પર ભ્રમણ કરતા સુબોધ વિજય જામનગરની આઈટીઆઈની મુલાકાતે આવ્યા હતા. તેઓએ તાલીમાર્થીઓને પર્યાવરણ પ્રત્યે જાગૃત કર્યા હતા જે સાથોસાથ તેમના હાથે આઈટીઆઇ કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ પણ કરાયુ હતુ.રાયગઢના સુબોધ વિજયએ ગત તા. ૧૯મી જુન ૨૦૨૪ના રોજ એક મિશન શરુ કર્યું છે. જેનાથી પર્યાવરણ પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે. પર્યાવરણ પ્રત્યે જનજાગૃતિના આશયથી થી તેમણે સાયકલ યાત્રા શરુ કરી હતી. જેમાં ૫૦૭ દિવસમાં ૪૦,૦૦૦ કિલોમીટર નો પ્રવાસ કરેલ છે અને તેમની યાત્રા સતત ચાલુ જ છે. તેઓ ભારતમાં એક લાખ વૃક્ષ વાવવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યુ છે.

વૃક્ષારોપણ થકી આબોહવામાં આવતા પરિવર્તન સામેની લડાઈમાં યોગદાન આપશે. તેઓ સાયકલ યાત્રા દરમિયાન વૃક્ષારોપણ સાથે સબંધિત વિસ્તારના નાગરીકોને પર્યાવરણ સંરક્ષણ,પ્લાસ્ટીક મુકિત અને આરોગ્યપ્રદ જીવનશૈલી વિશે પ્રેરણાત્મક સંદેશ પણ આપશે.જામગનરના આઈટીઆરઇ પટાંગણમાં વૃક્ષારોપણ સાથે તેમણે તાલિમાર્થીઓને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અર્થે માર્ગદર્શન પણ આપ્યુ હતુ.સાયકલયાત્રા, ૯૫૦ દિવસમાં સમગ્ર ભારત ભ્રમણનો લક્ષ્ય પર્યાવરણ પ્રત્યે જનજાગૃતિ અર્થે સુબોધ વિજયએ દેશવ્યાપી સાયકલ યાત્રા અંતર્ગત ૫૦૭ દિવસમાં ૪૦ હજાર કિ.મિ.નો પ્રવાસ કર્યો છે.જે સાયકલ યાત્રા અંતર્ગત તેઓનુ લક્ષ્ય ૯૫૦ દિવસમાં સમગ્ર ભારત ભ્રમણ કરવાનુ રહયુ હોવાનુ પણ જાણવા મળ્યુ છે.

# ભાટીયા પાસેથી થારમાં લઈ જવાતું ૫૦૧ ગ્રામ ચરસ ઝબ્બેઃ દ્વારકાના શખ્સની અટક

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ભાટીયાથી દ્વારકા તરફના રોડ પર ઓવરબ્રિજ નીચેથી ગઈકાલે સાંજે એસઓજીએ પૂર્વ બાતમીના આધારે એક થાર મોટરમાં લઈ જવાતો રૂ.સવા લાખની કિંમતનો ૫૦૧ ગ્રામ ચરસનો જથ્થો કબજે કર્યો છે. કુલ રૂ.૧૩,૩૫,૨૫૦ના મુદ્દામાલ સાથે દ્વારકાના એક શખ્સની અટકાયત કરી લેવામાં આવી છે.દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં ભાટીયા ગામ પાસે ગઈકાલે સાંજે એક મોટરમાં ચરસનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો હોવાની બાતમી પેટ્રોલિંગમાં રહેતા દ્વારકા એસઓજી ટીમના કાનાભાઈ, અશોકભાઈ, ભીખાભાઈને મળતા ઈન્ચાર્જ પીઆઈ કે.કે. ગોહિલને તેનાથી વાકેફ કરાયા પછી પીએસઆઈ કે.એમ. જાડેજાના વડપણ હેઠળની એસઓજી ટૂકડી વોચમાં ગોઠવાઈ હતી.તે દરમિયાન ભાટીયાના ચાર રસ્તા પાસે દ્વારકા રોડ તરફના ઓવરબ્રિજ નીચેથી જીજે-૩૭-એમ ૭૬૮૪ નંબરની મહિન્દ્રા કંપનીની થાર મોટર પસાર થતાં તે મોટરને રોકી લેવામાં આવી હતી. તેની તલાશી લેવાતા મોટરમાંથી ૫૦૧ ગ્રામ ચરસનો જથ્થો મળી આવ્યો હતો.અંદાજે રૂ.સવા લાખની કિંમતના ચરસ, રૂ.૧૨ લાખની કિંમતની મોટર તથા રૂ.૧૦ હજારની કિંમતના મોબાઈલ સાથે દ્વારકાના જલારામનગર-૩માં હાલમાં રહેતા વાચ્છુ ગામના વતની વેજાભાઈ ઉર્ફે ભગત જેઠાભાઈ ચાનપા નામના શખ્સની અટકાયત કરાઈ છે. જય ઠાકર લેડીસ મોલ નામની દુકાન ચલાવતા આ શખ્સ સામે એનડીપીએસ એક્ટ હેઠળ કલ્યાણપુર પોલીસ મથકમાં ગુન્હો રજીસ્ટર કરાવવામાં આવ્યો છે.

# મોરબીમાં સ્થળ ઉપરથી રીક્ષા લેવાનું કહી ચાલકને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ભડીયાદ કાંટા પાસે રીક્ષા સ્ટેન્ડ પર રીક્ષા ચાલક પર પથ્થરમારો, ઝપાઝપી અને જાતિપ્રત્યે અપમાન કરવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. ફરિયાદીને ઈજાઓ થતા તેમને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ત્યારે બી ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ બીએનએસ તથા એક્ટ્રોસીટી એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે. મોરબી તાલુકાના ભડીયાદ કાંટા નજીક રીક્ષા સ્ટેન્ડ પર રીક્ષા ચાલક મુળજીભાઈ વઘોરા રહે.ભડિયાદ ગામ ઉપર આરોપી પ્રભુ ઉર્ફે ઉદય કોળી રહે.મોરબી વાળાએ ફરિયાદીને સ્થળ ઉપરથી રીક્ષા હટાવી લેવાનું કહી જાતિપ્રત્યે અપમાન, ગાળાગાળી અને ધમકીઓ સાથે હુમલો કર્યો હતો. આરોપીએ પથ્થર ફેંકી ફરીયાદીની રીક્ષાના કાચ તોડી તથા બીજો પથ્થર મારી ફરિયાદીના જમણા હાથના કાંડામાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા પહોંચાડી હતી. બાદમાં થયેલી ઝપાઝપીમાં ફરિયાદી જમીન પર પટકાતા તેમને હાથ અને પગમાં વધુ ઈજાઓ થઈ હતી. ઘટનાસ્થળે ફરિયાદીના સસરા દામજીભાઈ પહોંચતા આરોપી ગાળો આપી સ્થળ ઉપરથી નાસી ગયો હતો. ઈજાગ્રસ્ત ફરિયાદીને તાત્કાલિક સારવાર અર્થે મોરબી સરકારી હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા, હાલ પોલીસ દ્વારા આરોપી વિરુદ્ધ બીએનએસ તેમજ એક્ટ્રોસીટી એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરાઈ છે.

# વોર્ડ નં.૯માં જય દ્વારકાધીશ હોટલ પાસે આવેલ રોડ હવે શ્રી દ્વારકાધીશ માર્ગ તરીકે ઓળખાશે




રાજકોટના વોર્ડ નંબર ૯માં આવેલા યુનિવર્સીટી રોડ, જય દ્વારકાધીશ હોટેલ અને એફ.એસ.આઈ પાસે આવેલ રોડ હવે થી શ્રી દ્વારકાધીશ માર્ગ તરીકે ઓળખાશે તેવી કોર્પોરેશને સત્તાવાર જાહેરાત કરી હતી. જે રોડ પર જય દ્વારકાધીશ ગ્રુપ દ્વારા ઘણા વર્ષો થી જન્માષ્ટમી નિમિતે ભવ્ય શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે, આજુબાજુ ના વિસ્તારના લોકોનું હાલ કહેવું છે કે આ રોડ નું નવું નામકરણ થતા ''ઠાકર'' ''દ્વારકાધીશ'' સાક્ષાત અહીં બિરાજતા હોઈ એવું લાગી રહીયું છે.

# રાજકોટ જિલ્લાના ખેડૂતો માટે કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અરજી પ્રક્રિયા શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ઓક્ટોબર-૨૦૨૫ માસમાં થયેલ કમોસમી વરસાદથી ખેતી પાકોને થયેલ નુકસાન અન્વયે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા ''કૃષિ રાહત પેકેજ-ઓકટોબર-૨૦૨૫માં રાજકોટ જિલ્લાના તમામ તાલુકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેનો લાભ મેળવવા માટે ફોર્મ ભરવા માટે તા. ૧૪/૧૧/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨ કલાકથી ૧૫ દિવસ માટે પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

રાજ્ય સરકારશ્રી દ્વારા રાજકોટ, પડધરી, જસદણ, જેતપુર, ધોરાજી, ઉપલેટા, જામકંડોરણા, ગોંડલ, કોટડાસાંગાણી, લોધિકા અને વિછીયા તાલુકાના ખેડૂતભાઈઓને ''કૃષિ રાહત પેકેજ-ઓકટોબર-૨૦૨૫નો લાભ મળશે. આ કૃષિ પેકેજનો લાભ મેળવવા માટે નુકસાનગ્રસ્ત વિસ્તારોમાં ખેડૂત ખાતેદાર દ્વારા વાવેતર કરેલ પાકોમાં નિયત ધોરણો અનુસાર ૩૩% કે તેથી વધુ પાક નુકસાન થયેલ હોય તેમને digitalgujarat પોર્ટલ પર ગ્રામ્ય કક્ષાએ VCE મારફત જરૂરી સાધનિક કાગળો જેવાકે ગામનો નમૂનો ૮-અ, તલાટીનો વાવેતર અંગેનો દાખલો/ગામ નમુના નં ૭/૧૨, આધાર કાર્ડની નકલ, બેન્ક પાસબુકના પ્રથમ પાનાની નકલ (IFSC કોડ સાથે), મોબાઈલ નંબર, સંયુક્ત ખાતાના કિસ્સામાં સંયુકત ખાતેદારો પૈકી એક જ ખાતેદારને લાભ અપાય તે અંગેનો અન્ય ખાતેદારોની સહી વાળો ''ના-વાંધા અંગેનો સંમતિ પત્ર'' સાથે ઓનલાઈન અરજી કરવાની રહેશે. ''કૃષિ રાહત પેકેજ''નો લાભ મળવા પાત્ર હોય તેવા ખેડૂતો ઉપર દર્શાવેલ જરૂરી દસ્તાવેજો સાથે પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી શકશે, તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# ભારતીય ડાક વિભાગ દ્વારા સીમા સુરક્ષા દળની હીરક જયંતિ નિમિત્તે જાહેર કર્યું વિશેષ કવર

## સીમા સુરક્ષા દળે રાષ્ટ્રની પ્રથમ રક્ષણ રેખા તરીકે દેશની સરહદોની સુરક્ષા અને આંતરિક સુરક્ષામાં આપ્યું અપ્રતિમ યોગદાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

'સીમા સુરક્ષા દળ'ની હીરક જયંતિ નિમિત્તે આજરોજ ભારતીય ડાક વિભાગ દ્વારા એક વિશેષ કવર અને વીરૂપણ બહાર પાડવામાં આવ્યું હતું જેનું વિમોચન કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ દ્વારા ભુજમાં કરવામાં આવ્યું.

''બોર્ડર સિક્યુરિટી ફોર્સ -ગૌરવપૂર્ણ સેવાના ૬૦ વર્ષ (૧૯૬૫-૨૦૨૫)'' વિષય પર બહાર પાડવામાં આવેલા આ વિશેષ કવરમાં સીમા સુરક્ષા દળના જમીન, પાણી અને હવામાં દર્શાવેલા શૌર્ય અને કાર્યક્ષમતાને ઉજાગર કરવામાં આવ્યા છે. ૧૯૬૫ના ભારત-પાક યુદ્ધ બાદ પાકિસ્તાન સાથે લાગતી સરહદોની સુરક્ષાના હેતુથી ૧ ડિસેમ્બર, ૧૯૬૫ના રોજ સ્થાપિત સીમા સુરક્ષા દળે રાષ્ટ્રની ''પ્રથમ રક્ષણ રેખા'' તરીકે દેશની સરહદોની સુરક્ષા તેમજ આંતરિક સુરક્ષામાં અનન્ય ફાળો આપ્યો છે.

૧૯૭૧ના ભારત-પાક યુદ્ધમાં ભારતીય સેના સાથે મળીને યુદ્ધ કરવાની સાથે સાથે બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામમાં સક્રિય ભૂમિકા નિભાવનાર સીમા સુરક્ષા દળે રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યેનું પોતાનું સમર્પણ હંમેશા સાબિત કર્યું છે. દળ દ્વારા પંજાબ અને જમ્મુ-કાશ્મીર ખાતે આતંકવાદ વિરોધી અભિયાનોમાં અદમ્ય શૌર્યનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

''ઓપરેશન સિંદૂર'' દરમિયાન અદમ્ય હિંમત દર્શાવવા બદલ, ફોર્સના બહાદુર સૈનિકોને ૨ વીર ચક્ર અને ૧૬ વીરતા ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા. ૬ દાયકાની આ ગૌરવમય યાત્રામાં, સરહદ સુરક્ષા દળ સરહદોનું અડગ રક્ષક રહ્યું છે દરેક પગલે ''જીવનપર્યંત કર્તવ્ય'' ના સૂત્રને સાબિત કરી રહ્યું છે.

આ ખાસ કવર બોર્ડર સિક્યુરિટી ફોર્સના ગૌરવશાળી ઈતિહાસ અને બહુ-પરિમાણીય કાર્યને દર્શાવે છે.

# જામનગરમાં ખોવાયેલ મોબાઈલ શોધી આપતી પોલીસ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની તથા ગ્રામ્ય ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક આર.બી. દેવધાની સુચના મુજબ કમાન્ડ એન્ડ ક્ધટ્રોલ રૂમના સ્ટાફ સીસીટીવી કેમેરા સર્વેલન્સની કામગીરી પર હતા. ત્યારે અજરદાર દિનેશભાઇ વઘોરા રહે. જામનગરવાળાના જણાવ્યા મુજબ કામ સબબ બેડી ગેઇટ સર્કલથી લાલબંગલા સર્કલ જવા માટે રીક્ષામાં બેઠા હતા.લાલ બંગલા પહોચતા તેઓ ઉતાવળે તેઓનો રેડમી મોબાઇલ કિ. ૧૫ હજારવાળો શરતચુકથી રીક્ષામાં જ ભુલી ગયા હોય જે બાબતે અરજદારે કમાન્ડ ક્ધટ્રોલ રૂમનો સંપર્ક કરતા ઇન્ચાર્જ પીએસઆઇ એન.સી. સોનૈયાના માર્ગદર્શન મુજબ સ્ટાફ દ્વારા અલગ અલગ સીસીટીવી ચકાસતા અરજદરનો ફોન રીક્ષા નં. જીજે૧૦ટીવી-૬૮૬૯માં ભુલી ગયા હોવાનુ જણાઇ આવેલ જેથી રીક્ષા ચાલકના વાહન નંબર પરથી આઇટીએમસ ચલણ વેબસાઇટની મદદથી મોબાઇલ નંબર શોધી અને સંપર્ક કરી તેની પાસેથી અરજદારનો મોબાઇલ મેળવી ગણતરીની કલાકોમાં શોધી આપ્યો હતો.

# મોરબીની મુસ્કાન વેલ્ફેર સોસાયટીનું આવકારદાયક પગલુંઃ પક્ષઘાતગ્રસ્ત દર્દીને કરી સહાય

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની મુસ્કાન વેલ્ફેર સોસાયટી દ્વારા પક્ષઘાતથી પીડિત એક વ્યક્તિને એક મહિનાની ફિઝિયોથેરાપી માટે જરૂરી આર્થિક સહાય આપવામાં આવી હતી. નબળી પરિસ્થિતિના કારણે સારવાર મુશ્કેલ બનતા સંસ્થાએ માનવ સેવા ભાવથી આગળ આવી મદદ કરી.

મોરબીની અગ્રણી સેવાભાવી સંસ્થા મુસ્કાન વેલ્ફેર સોસાયટી દ્વારા માનવતા અને સહાનુભૂતિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતું એક મહત્વપૂર્ણ સેવાકીય કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. પરિવારની મુખ્ય જવાબદારી નિભાવતા એક પુરુષને પક્ષઘાત (પેરાલિસિસ) થતાં તેમના સારવાર ખર્ચનો મોટો બોજ પરિવાર પર આવી પડ્યો હતો. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે યોગ્ય સારવાર શરૂ કરવી મુશ્કેલ બની હતી. આ વાત સંસ્થાના જાણમાં આવતા મુસ્કાન વેલ્ફેર સોસાયટીએ તાત્કાલિક મદદ માટે હાથ લંબાવ્યો હતો. દર્દીને એક મહિનાની ફિઝિયોથેરાપી પ્રક્રિયા માટે જરૂરી સહાય રકમ




સંસ્થા તરફથી આપવામાં આવી હતી, જેથી સારવાર સતત ચાલી શકે અને દર્દી જલદી સ્વસ્થતા તરફ આગળ વધી શકે. મુસ્કાન વેલ્ફેર સોસાયટીના પ્રતિનિધિઓએ જણાવ્યું કે સંસ્થા માનવ સેવા, સામાજિક જવાબદારી અને જરૂરિયાતમંદોના કલ્યાણને પ્રથમ પ્રાથમિકતા આપે છે. આવનારા સમયમાં પણ સંસ્થા વધુ આવા સેવાકીય કાર્યો કરી સમાજમાં સકારાત્મક બદલાવ લાવવાનો પ્રયત્ન ચાલુ રાખશે. અંતમાં સંસ્થાએ પક્ષઘાતગ્રસ્ત દર્દીના જલ્દી આરોગ્યલાભ માટે હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

# મોરબીમાં મતદાર યાદી સુધારણા અભિયાનમાં સો ટકા કામગીરી પૂર્ણ કરનાર બીએલઓનું કલેક્ટર દ્વારા સન્માન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં ચાલી રહેલા મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ દરમ્યાન ૧૦૦% કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરનાર બૂથ લેવલ અધિકારીઓ (BLO)ને કલેક્ટર અને જીલ્લા ચૂંટણી અધિકારી સ્વપિનલ ખરે દ્વારા સન્માન પત્ર આપવામાં આવ્યું હતું.



મોરબી જીલ્લામાં મતદાર યાદીને વધુ સચોટ અને સર્વસમાવેશક બનાવવા માટે ખાસ સઘન સુધારણા કાર્યક્રમ ચાલુ છે. મતદારોના નામ ઉમેરવા, સુધારવા અને આવશ્યક સુધારાઓ સમયસર પૂર્ણ થાય તે માટે જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સતત દેખરેખ અને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ અભિયાનમાં સૌથી મહત્વની ભૂમિકા નિભાવનાર બૂથ લેવલ અધિકારીઓ (BLO)એ અસરકારક કામગીરી કરી મતદાર યાદીના સુધારાઓને વધુ પારદર્શક અને સરળ બનાવ્યા છે. આ અનુસંધાને મોરબીના કલેક્ટર તથા જીલ્લા ચૂંટણી અધિકારી સ્વપિનલ ખરે દ્વારા મોરબી જીલ્લાના એવા બી.એલ.ઓ.નું સન્માન કરવામાં આવ્યું છે, જેમણે મતદાર યાદી સુધારણા અભિયાનમાં સો ટકા કામગીરી નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરી હતી. કલેક્ટરે તેમને સન્માન પત્ર આપી તેમની સેવા, જવાબદારી અને સમયસર કામગીરીને બિરદાવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT



## ચોથી જાગીરનો અવાજ દબાવવાનો પોલીસનો હિન પ્રયાસ

# રાજકોટમાં ૨૨ વર્ષથી નિષ્પક્ષ અને નિડરતાથી પત્રકારત્વ ધર્મ નિભાવતા ક્રાઈમ રીપોર્ટરને ખોટા ગુન્હામાં ફીટ કરી દેવાયા









## ઘર પાસે ખુરશી પર બેઠેલા પત્રકારને મોડીરાત્રે થોરાળા પોલીસે આરોપીની જેમ ઉઠાવી જઇ પ્રોહિબિસનનો ખોટો કેસ દાખલ કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં પત્રકારો વિરૂધ્ધ ગુન્હા નોંધવાનું પોલીસે અભિયાન શરૂ કર્યુ હોય તેમ અગાઉ ક્રાઇમ બ્રાન્ચે ખંડણી માંગ્યાનો કેસ ત્રણ પત્રકારો પર કર્યા બાદ ગત સપ્તાહે ન્યુઝ પેપરના લોગો હટાવવા બાબતે ધમકી આપી નાણાની માંગણી કર્યાની ફરીયાદ ક્રાઇમ બ્રાન્ચમાં નોંધાઇ છે ત્યારે વધુ એક પત્રકાર વિરૂધ્ધ થોરાળા પોલીસે પ્રોહિબિસનનો ખોટો ગુન્હો નોંધી પોલીસે પોતાની મનમાની અને સત્તાના પાવરનો દુરઉપયોગ કર્યાની ઘટના પ્રકાશમાં આવતા પત્રકાર આલમમાં ભારે ઓહાપોહ મચી જવા પામ્યો છે.

રાજકોટ શહેરમાં ૨૨ વર્ષથી નિડરતાથી અને નિષ્પક્ષ પણે પત્રકારત્વનો ધર્મ નિભાવી પીડિત લોકો માટે ન્યાયની લડત ચલાવતા ક્રાઇમ રીપોર્ટરને થોરાળા પોલીસે ઘર પાસેથી આરોપીની જેમ પોલીસ વાનમાં ઉઠાવી જઇ પોલીસ સ્ટેશન લઇ જઇ ખોટા ગુન્હામાં ફીટ કરી દેવામાં આવ્યા હતા.

શહેરના સામાકાંઠે અતિસંવેદનશીલ ગણાતા થોરાળા વિસ્તારમાં પોલીસ દારૂ-જુગારના હાટડા બંધ કરાવી શકતી ન હોય અને પત્રકાર આ સ્થિતિ અખબારમાં પ્રસિધ્ધ કરી પોલીસની શંકાસ્પદ કામગીરીનો ભાંડાફોડ કરતા હોય ત્યારે પોલીસને પણ આ વાત હજમ ન થઇ હોય તેમ તેના વિરૂધ્ધનું અખબારમાં લેખ પ્રસિધ્ધ કરનાર સામે એનકેન પ્રકારે ફીટ કરી દઇ ચોથી જાગીરનો અવાજ દબાવવાનો થોરાળા પોલીસે હીન પ્રયાસ કર્યો હોવાની ઘટના ગઇકાલે મોડી રાત્રીના બની હતી. જેમાં મુખ્ય સમાચાર સાંધ્ય દૈનિકના ક્રાઇમ રીપોર્ટર બળવંત પરમાર ગઇકાલે એક વિધવા મહિલા કે જે પોલીસની તાનાશાહીનો ભોગ બની હોય તેની વાહરે આવી પોલીસ સ્ટેશનમાં તેની સગીરવયની દિકરીનું અપહરણ થયું હોય તેની ફરીયાદ નોંધાવા ગયા હોય અને થોરાળા પોલીસ સ્ટાફ આ પીડિત મહિલાની ફરીયાદ ન લેતા હોય જેની ક્રાઇમ રીપોર્ટર બળવંત પરમારે ઉચ્ચ અધિકારીઓને ટેલીફોનીક વાતચીત કરી માહિતગાર કર્યા હોય જેના પગલે થોરાળા પોલીસે મહિલાની સગીર વયની પુત્રીનું અપહરણ થયાની ફરીયાદ લીધી હતી.

પોલીસની આવી કામગીરી અંગે ઉચ્ચ અધિકારીઓને પત્રકારે જાણ કરી હોવાનો રાજદેશ રાખી અને અગાઉ આ વિસ્તારમાં થતા ગેરકાયદે પ્રવૃતિ અંગે અવાજ ઉઠાવી પોતાના અખબારમાં લેખ લખયા હોય જે બાબતનો ખાર રાખી ગઇકાલે મોડીરાત્રીના ક્રાઇમ રીપોર્ટર બળવંત પરમાર પોતાના ઘરની બહાર ખુરશી પર બેઠા હોય ત્યારે થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઇ વાઘેલા, બે મહિલા પોલીસ અને એક પોલીસમેન સહિતનો પોલીસ કાફલો પોલીસવાનમાં આવી પત્રકાર બળવંત પરમારને કહેલ કે તમે દારૂ પીધેલા છો તેમ કહી પાછળથી કાછલો પકડી પોલીસવાનમાં આરોપીની જેમ બેસાડી પોલીસ સ્ટેશન ખાતે લઇ ગયા હતા અને મેડિકલ કરાવ્યા પહેલા જ દારૂ પીધો હોય તેવો ખોટો ગુન્હો નોંધી પત્રકારને ફીટ કરી દેવાયામાં આવ્યા હતા. આ ઘટના મોડીરાત્રીના મીડિયા ગૃપમાં વાયુવેગે ફેલાઇ જતા મોટી સંખ્યામાં પત્રકાર મીત્રો પોલીસ સ્ટેશન ખાતે દોડી આવ્યા હતા.



**થોરાળા પોલીસ મથક સામે મોડી રાત્રીના નંબર વગરની કાળા કાચવાળી કારમાં ભેદી પ્રવૃતિ...?**

પત્રકારે વીડિયો શૂટીંગ શરૂ કરતા કાર પૂરપાટ ઝડપે હંકારી ચાલક ફરાર: પત્રકારે પીછો કરતા આજીડેમ ચોકડી પાસે ભારતનગરમાં કાર ગુમ થઈ ગઈ



**સ્થાનિક પોલીસે ઉછેરીને મોટા કરેલા બુટલેગરો બન્યા બેકાબુ: ક્રાઇમ બ્રાન્ચની ફરજમાં કરી રૂકાવટ...!**

પોલીસને મહિને મોટો વહીવટ ચૂકવી બેફામ દેશીનો વેપલો કરતા બૂટલેગરો પર ક્રાઇમ બ્રાન્ચની ધોસ: કુબલીયાપરામાં પોલીસની ફરજમાં રૂકાવટ કરનાર ૯ શખ્સો સામે ફરીયાદ: બેની ધરપકડ



**પોલીસની નિષ્ક્રીયતા: લુખ્ખાઓ બન્યા બેફામ, ગણેશ પંડાલ પર ગંજેરીઓએ સોડા બોટલના ઘા કરી સંચાલક પર કર્યો હુમલો**

થોરાળાના સત્યમપાર્ક પાસે વહેલી સવારે બનેલી ઘટના: ગણેશ પંડાલની બાજુમાં સરકારી બાડા પર ગાંજો પીવાની ના કહેતા લુખ્ખાઓ વિફર્યા: થોરાળા પોલીસમાં આયોજકે કરી ફરીયાદ

થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર ધંધાઓ અને છાશવારે લુખ્ખાગીરી કરતા આવારા તત્વો અને પોલીસની નબળી કામગીરી અંગે અગાઉ મુખ્ય સમાચારની ટીમે અહેવાલ પ્રસિધ્ધ કરી આ વિસ્તારના લોકોને આવી અસામાજીક પ્રવૃતિથી બચાવવાની મુહીમ શરૂ કરી હોય, જે પ્રસિધ્ધ કરાયેલા લેખ તસ્વીરમાં નજરે પડી રહ્યા છે.

## માલિયાસણ ગામે યુવાનને આપઘાતની ફરજ પાડનાર બે વ્યાજખોરો સામે ફરીયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે કુવાડવા રોડ પર આવેલા માલિયાસણ ગામમાં પોતાના જુના મકાનમાં એક સપ્તાહ પહેલા આપઘાત કરી લેવાના બનાવમાં મૃતકની પત્નીએ બે વ્યાજખોરો સામે કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

આરટીઓ કચેરી પાછળ આવેલ નરસિંહનગરમાં રહેતા શોભનાબેન મનીષભાઇ વઘેરા (ઉ.વ.૫૦) નામની અનુ. જાતિ મહિલાએ કુવાડવારોડ પોલીસ મથકમાં રવિ ડવ અને દિનેશ ડાંગર નામના બે વ્યાજખોરો સામે ફરીયાદ નોંધાવી છે કે, અગાઉ તેના પતિ મનીષભાઇ લક્ષ્મણભાઇ વઘેરાએ ટ્રક ખરીદવા માટે રવિ ડવ પાસેથી ૯ લાખ રૂપિયા ૧૦ ટકાના ઉંચા વ્યાજે લીધા હતા અને વ્યાજના નાણા પરત આપી દીધા હોવા છતાં રવિ ડવ વધુ ૩ લાખની માંગણી કરી તથા પ્રદિપ રાઠોડને ટ્રક અપાવ્યો હોય જેમાં દિનેશ ડાંગર પાંચ લાખ રૂપિયા માંગતો હોય અને તેનું ૩ ટકા વ્યાજવસુલ કરી મનીષભાઇ વઘેરાને આપઘાત કરવા મજબુર કર્યાની ફરીયાદ નોંધાવતા એસીપી આર.એસ.બારૈયાએ મનીલેન્ડ એકટ તથા એટ્રોસીટીની કલમ હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### શાપર-વેરાવળમાં પ્રેમ લગ્ન બાદ પતિએ માવતરે વાત ન કરવા દેતા સગર્ભાએ એસિડ પીધું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર (વેરાવળ)માં પ્રેમ લગ્ન કર્યા બાદ પતિ માવતરે ફોનમાં વાત ન કરવા દેતો હોય જે વાતમાં સગર્ભાએ એસિડ ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરતા તેણીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. મૂળ બિહારના વતની અને હાલ શાપર (વેરાવળ)માં રહી મજુરી કામ કરતા ઓમપ્રકાશ ચૌહાણની ૨૫ વર્ષીય પત્ની સુશીલાએ ઘરે એસિડ પી લેતા તેણીને રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં શાપર પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, સુશીલા અને ઓમપ્રકાશ બંને બિહારના વતની હોય અને ૬ માં પેહલા પ્રેમ લગ્ન કરીને અહીં રહેવા માટે આવ્યા હતા. જે બાદ સુશીલાને પતિએ માવતર ફોનમાં વાત કરવાની ના પાડી હોય આ વાતનું લાગી આવતા તેણે આ પગલું ભરી લીધું હતો. હાલ સુશીલા ગર્ભવતી હોય જેથી તેના આ આત્મઘાતી પગલાથી બે જિંદગી જોખમમાં મુકાઈ છે.

## રાજકોટમાં ગેસ લીકેજ થતા પત્નીને બચાવવા જતા પતિ પણ દાઝયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા હાઈવે પર સાત હનુમાન મંદિર પાસે ઢોળે રહેતી મહિલા પોતાના ઘરે ગેસ ઉપર ચા બનાવતી હતી ત્યારે ગેસની નળી લીંકજ થતાં ભડકો થતાં તેણી દાઝી ગઈ હતી જ્યારે ઘરમાં હાજર તેનો પતિ ઠારવા જતાં તે પણ દાજી જતાં બન્નેને ગંભીર હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે કુવાડવા રોડ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ, કુવાડવા રોડ પર સાત હનુમાન મંદિર નજીક ઢોળા વિસ્તારમાં રહેતાં કંચનબેન હરેશભાઈ સોલંકી (ઉ.૪૨) નામના મહિલા સવારે ૯ વાગ્યાના અરસામાં પોતાના ઘરે ગેસના ચુલા ઉપર ચા બનાવી રહ્યાં હતાં ત્યારે ગેસની નળી લકિજ થતાં ભડકો થયો હતો. જેમાં કંચનબેન આગની ઝપેટમાં આવી જતાં દાઝી ગયા હતાં. જેથી ઘરમાં હાજર તેમના પતિ હરેશભાઈ નાનજીભાઈ સોલંકી (ઉ.૪૦) પત્નીને ઠારવા માટે દોડતાં તેઓ પણ દાઝી ગયા હતાં. આ બનાવથી બન્ને પતિ પત્ની મોંઢાના ભાગે અને શરીરે ગંભીર રીતે દાજી જતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી કુવાડવા રોડ પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે દોડી જઈ દંપતિના નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં હરેશભાઈ શાકભાજીનો ધંધો કરે છે અને તેમને સંતાનમાં બે દીકરા અને ત્રણ દીકરી હોવાનું જાણવા મળ્યું છે.

## રીક્ષામાં મુસાફરોને બેસાડી લૂંટ ચલાવતા બે શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રીક્ષામાં મુસાફર તરીકે બેસાડી અવાવરું જગ્યાએ લઈ જઈ લૂંટ ચલાવતા બે આરોપીઓને ક્રાઈમ બ્રાન્ચની ટીમે ૨.૪૬ લાખના મુદ્દામાલ સાથે દબોચી લીધા છે.

આજીડેમ ચોકડી પાસે સારકો ટ્રાન્સપોર્ટની સામે ઓફિસમાં રહીને મજૂરી કામ કરતા ૪૦ વર્ષ મોહમ્મદઈલિયાસ મોહમ્મદહુસેન મુગલે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગત તારીખ ૧૮/૧૧ ના રાત્રિના ૧૦ વાગ્યા આસપાસ કે કેવી ચોક નજીકથી એક રીક્ષામાં બેસીને ભક્તિનગર રેલ્વે સ્ટેશન આવી રહ્યો હોય ત્યારે રીક્ષા અવાવરું જગ્યાએ લઈ જઈને તેમાં પાછળ બેઠેલા એક શકશે યુવકને છરી બતાવીને તેની પાસેથી રોકડ ૧૦૦૦ અને મોબાઈલ ( કિંમત ૧૫,૦૦૦) લૂંટી લીધા હતા.



ઘટના અંગે ક્રાઈમ બ્રાન્ચની ટીમે તપાસ કરતા કુવાડવા રોડ નવાગામ પાસેથી આરોપી હિતેશ વાલજીભાઈ ડાભી (ઉંમર ૨૫ રહે. અવધનો ઢાળીયો કાલાવડ રોડ), આશિષ હરેશ ગોહેલ ( ઉંમર ૨૮ રહે. કુવાડવા ગામ, હરીઓમ ચોક ) તલાશી લેતા તેની પાસથી લૂંટનો મોબાઈલ, રિક્ષા અને રોકડ સહિત ૨.૪૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## ભગવતીપરામાં યુવાન પર હુમલો કરી તોડફોડ કરવાના કેસમાં ૧૦ શખ્સોને ઝડપી કાયદાનું ભાન કરાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવતીપરા હુશેનીયા મસ્જીદ પાસ રહેતો સમીર અયુભાઈ સોરા (ઉ.પ.૨૭) અને તેનો મિત્ર રાધાકૃષ્ણ મંદિર પાછળ રહેતો ટ્રક ડ્રાઈવર સિકંદર હારૂનભાઈ રાઉમા (ઉવ ૨૫) સિકંદર હારૂનભાઈ રાઉમાની રિક્ષામાં બેસી સાથે ચા પીવા ગયો હતો. ત્યારે જુના ઝગડાનો ખાર રાખી લુખ્ખાઓએ રસ્તાના આંતરી જીવલેણ હુમલો કર્યો હતો. જે મામલે પોલીસમાં હત્યાની કોશિશની ફરિયાદ નોંધાયા બાદ બી-ડીવીઝન પોલીસે આ હુમલામાં સંડોવાયેલ ૧૦ શખ્સોની ધરપકડ કરી જ્યાં ધોકા ઉલાળ્યા હતા ત્યાં જ ૧૦ લુખ્ખાઓની સરઘસ કાઢી ઘટનાની રિકન્સ્ટ્રક્શન કરાવી બનાવ સ્થળેજ આ ટોળકીએ જાહેરમાં લોકોની માફી માંગી હતી. પાંચ જેટલા બાઈકમાં આવી સમીર અયુભાઈ સોરા (ઉ.પ.૨૭) અને તેનો મિત્ર રાધાકૃષ્ણ મંદિર પાછળ રહેતો ટ્રક ડ્રાઈવર સિકંદર હારૂનભાઈ રાઉમાનો પીછો કરી આઝમ ચોકમાં રિક્ષાને આંતરી ભગવતીપરાના જાહીદ ઉર્ફ જાવલો યુસુફભાઈ,



ગૌરાંગ ઉર્ફે ગવલો ગૌસ્વામી તેમજ જગદીશ મંડપ સર્વિસવાળાના ત્રણ છોકરા સહિતનાએ આંતરી ધોકા-પાઈપથી હુમલો કરી સમીરના બંને પગ ભાંગી નાખ્યા હતા તેમજ હુમલાખોરોએ સિકંદરની રિક્ષામાં પણ તોડફોડ કરી હુમલાખોરો ભાગી ગયા હતાં. ઈજા ગ્રસ્ત સમીરને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવ અંગે હત્યાની કોશિશ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. આ હુમલામાં સંડોવાયેલ ભગવતીપરા મેઈન રોડ શેરી નં-૧૧ યાદવ પાનવાળી શેરીમાં રહેતા ગૌરાંગગીરી ઉર્ફે ગવલો અરવિંદગિરી ગૌસ્વામી, ભગવતીપરા શેરી નં-૦૯ દશામાના મંદીર પાછળ રહેતા જાવીદ ઉર્ફે જાવલો હનીફભાઈ સોઢા, મોરબી રોડ વેલનાથપરા નં-૨૦ માં રહેતા ઉમેશ ધનજીભાઈ વિઝવાડીયા, ભગવતીપરા શેરી નં-૦૯માં રહેતો ફાસ્ટફુડ રેસ્ટોરન્ટ ચલાવતો મિહીર જગદિશભાઈ વાઘેલા તેમજ તેના ભાઈ આશીષ જગદિશભાઈ વાઘેલા, વેલનાથપરા શેરી ન-૦૫માં રહેતા શૈલેષ ઉર્ફે ગાંડો ઉર્ફે માસ અવચરભાઈ ડાભી, મોરબી રોડ જકાતનાકા સુર્યમુખી હનુમાનની બાજુમાં રહેતા સજયભાઈ કાનજીભાઈ સારલા, મોરબી રોડ જકાતનાકા વેલનાથપરા શેરી ન-૨૦માં રહેતા રુત્વિક ઉર્ફે ખાન મુકેશભાઈ ડાભી, હુડકો ચોકડી રણુજા નગર મેઈન રોડ ઉપર રહેતા કિશન સુરેશભાઈ ડાભી અને મોરબી રોડ જકાતનાકા પાસે વેલનાથપરા શેરી નં-૧૬/૧૮ ખૂણે રહેતા બાદલ ગોપાલભાઈ માનસુરીયાની ધરપકડ કરી તમામને સાથે રાખી ઘટનાની રિકન્સ્ટ્રકશન કરી જ્યાં ધોકા ઉલાળ્યા ત્યાંજ જાહેરમાં માફી મંગાવી હતી.

## નિવૃત્ત શિક્ષક દંપતીને ડિજીટલ એરેસ્ટ કરી ૧.૧૪ કરોડ પડાવનાર બેલડી ઝડપાઇ

### સાયબર ક્રાઈમ પોલીસે બંન્ને શખ્સોના એકાઉન્ટમાં ૨૦ લાખ ફ્રીઝ કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

એરપોર્ટ રોડ પર આવેલ એકજાનગર સોસાયટીમાં રહેતા નિવૃત શિક્ષક કુરબાનભાઈ વલીજી બદામી અને તેમના પત્નીની સાઈબર માફિયાઓએ ૨૦ દિવસ સુધી ડીઝીટલ એરેસ્ટ કરી રૂ. ૧.૧૪ કરોડ પડાવવાના મામલે સાઈબર ક્રાઈમની ટીમે જેતપુરના સુરજ વિઠ્ઠલભાઈ લાખાણીની



ધરપકડ બાદ આ ડીઝીટલ છેતરપીંડીના બનાવમાં સંડોવાયેલ ભાવનગરના ધ્રુવ પરસોત્તમ અગ્રાવત અને તળાજાના રણજીત કાળું - વાઘેલાની ધરપકડ કરી છે.

નિવૃત શિક્ષક કુરબાનભાઈ વલીજી બદામી (ઉ.૭૬)ને સાઈબર - માફિયા ટોળકીએ શિકાર બનાવી તેમના આધારકાર્ડ નંબર ઉપરથી અલગ-અલગ રાજ્યમાં ખાતા ખુલેલા છે અને મની લોંડરિંગ તથા સાયબર ક્રાઈમમાં અને આંતકવાદમાં આધાર કાર્ડ વપરાયેલ છે, જેમાં ૧૦ વર્ષથી આજીવન કેદની શિક્ષા થઈ શકે છે, કહી ધમકી આપી ફિઝિકલ નહીં પરંતુ ૨૦ દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ કરી કુરબાનભાઈ અને તેમના પત્ની દુરૈયાબેન પેન્શન ખાતામાંથી અલગ અલગ ટ્રાંજેક્શનથી રૂપિયા ૧.૧૪ કરોડ પડાવ્યા હતા. બાદ આ ટોળકીએ વધુ ૧૦ લાખ માંગતા કુરબાન બદામી પાસે વધુ રૂપિયા ન હોવાથી નાની દીકરી પાસે રૂપીયા માંગ્યા હતા.જેથી આ ડીઝીટલ એરેસ્ટનો ભાંડો ફૂટયો હતો. જે અંગે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ કરી જેતપુરના સુરજ વિઠ્ઠલભાઈ લાખાણીની ધરપકડ કરી છે. આ મામલે તપાસમાં જૂનાગઢ, જામનગર અને ભાવનગરના એકાઉન્ટ ધારકોના નામ ખુલ્યા છે.જેમાં ભાવનગરના ધ્રુવ પરસોત્તમ અગ્રાવત અને તળાજાના રણજીત કાળું વાઘેલાની ધરપકડ કરી છે. બન્નેના એકાઉન્ટમાં ૨૦ લાખ ફ્રીઝ કર્યા હતા.